# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,

**બ્લોક નં. ૨, પહેલો માળ, કર્મયોગી ભવન, સેક્ટર – ૧૦, ગાંધીનગર**

**જાહેરાત ક્રમાંકઃ ૨૦૫/૨૦૨૨૨૩ થી ૨૧૧/૨૦૨૨૨૩ અંગેની વિગતવાર સુચનાઓ**

**(વેબસાઇટ એડ્રેસ** : https://ojas.gujarat.gov.in **અને** https://gsssb.gujarat.gov.in**)**

---

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા જુદા જુદા વિભાગોના નિયંત્રણ હેઠળના ખાતાના વડાઓ હસ્તકની કચેરીઓમાં વર્ગ-૩ ના જુદા જુદા તાંત્રિક સંવર્ગોની નીચે દર્શાવેલ સીધી ભરતીની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટેની પ્રક્રિયામાં પસંદગી/ પ્રતિક્ષા યાદી તૈયાર કરવા માટે ઉમેદવારો પાસેથી **OJAS** ની વેબસાઇટ પર ઓનલાઈન અરજીપત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારોએ **https://ojas.gujarat.gov.in** વેબસાઈટ પર **તા. ૧૬/૦૬/૨૦૨૨**(૧૪-૦૦ કલાક) **થી તા. ૩૦/૦૬/૨૦૨૨** (સમય રાત્રીના ૧૧.૫૯ કલાક સુધી) દરમ્યાન ઓન-લાઈન અરજી કરવાની રહેશે. અરજી કરવા માટેની વિગતવાર સૂચનાઓ સહિત (આગળ ફકરા નં-૭ માં દર્શાવેલ) આ સમગ્ર જાહેરાત દરેક ઉમેદવારે પ્રથમ ધ્યાનથી વાંચવી જરૂરી છે. ઉમેદવારોએ પોતાની શૈક્ષણિક લાયકાત, ઉંમર, જાતિ તેમજ અન્ય લાયકાતના બધા જ અસલ પ્રમાણપત્રો હાલમાં પોતાની પાસે જ રાખવાના રહેશે અને અરજીપત્રકમાં તે પ્રમાણપત્રોમાં દર્શાવ્યા મુજબની જરૂરી વિગતો ભરવાની રહેશે. ભરતી પ્રક્રિયા સંબંધેની તમામ સૂચનાઓ મંડળની https://gsssb.gujarat.gov.in વેબસાઇટ પર મૂકવામાં આવશે તેથી સમયાંતરે મંડળની વેબસાઇટ અચુક જોતા રહેવું

૧) અરજી કરવા માટેની વિગતવાર સૂચનાઓ ( આ જાહેરાતમાં ફકરા નં. ૭ માં દર્શાવેલ છે. તે સહીત) આ સમગ્ર જાહેરાત ઓન-લાઇન અરજી કરતાં પહેલાં ઉમેદવારે પોતે ધ્યાનથી વાંચવી જરૂરી છે.

૨) ઓન-લાઇન અરજી કરતી વખતે ઉમેદવારે કોઇ પ્રમાણપત્રો જોડવાના નથી. પરંતુ, ઓન-લાઇન અરજી કરતી વખતે પ્રમાણપત્રોમાંની વિગતોને આધારે ઓન-લાઇન અરજીમાં અરજદારે સમગ્ર વિગતો ભરવાની રહે છે. આથી પોતાના બધા જ પ્રમાણપત્રો જેવા કે, શૈક્ષણિક લાયકાત, વય, શાળા છોડયાનું પ્રમાણપત્ર, જાતિ, શારીરિક ખોડખાંપણ (લાગુ પડતું હોય તો), માજી સૈનિક (લાગુ પડતુ હોય તો) તેમજ અન્ય લાયકાતના અસલ પ્રમાણપત્રોને સાથે રાખીને ઓન-લાઇ અરજીમાં એવા પ્રમાણપત્રોને આધારે સાચી વિગતો ભરવાની રહે છે. જેથી અરજીમાંની ખોટી વિગતોને કારણે અરજી રદ થવાપાત્ર ઠરે નહીં.

3) **પરીક્ષા પદ્ધતિ** - પસંદગીની પ્રક્રિયામાં જાહેરાતમાં ફકરા નં.-૯ માં દર્શાવ્યા મુજબની પ્રથમ તબક્કામાં હેતુલક્ષી પ્રશ્નોવાળી ઓ.એમ.આર. પદ્ધતિની **સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા** અને ત્યારબાદ, બીજા તબક્કાની **કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી (કાર્ય ક્ષમતા) કસોટીની** પ્રક્રિયામાંથી ઉમેદવારે પસાર થવાનું રહેશે.



https://www.freshersnow.com/government-jobs-india/

૪) જરૂરત ઉપસ્થિત થયે પરીક્ષા સંદર્ભેની અમુક સૂચનાઓ મોબાઇલ નંબર પર એસ.એમ.એસ. થી આપવામાં આવશે. આથી, અરજીપત્રકમાં સંબંધિત કોલમમાં મોબાઇલ નંબર અવશ્ય દર્શાવવો અને સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યા સુધી, નંબર જાળવી રાખવો જરૂરી અને આપના હિતમાં છે.

**૧. સંવર્ગવાર જગ્યાની વિગતો નીચે મુજબ છે.**

| જાહેરાત ક્રમાંક અને સંવર્ગનું નામ | વિભાગ/ ખાતાની વડાની કચેરીનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | **કુલ જગ્યાઓ પૈકી અનામત** | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બિન અનામત (સામાન્ય) | આર્થિક રીતે નબળા વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ. પ.વર્ગ | બિન અનામત (સામાન્ય) | આર્થિક રીતે નબળા વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ. પ. વર્ગ | શારીરિક અશકત (દિવ્યાંગ) | માજી સૈનિક |
| ૨૦૫/૨૦૨૨૨૩ જુનીયર સાયન્ટીફીક આસીસ્ટન્ટ વર્ગ -૩ | મુખ્ય ઇજનેર અને નિયામક ગુજરાત ઇજનેરી સંશોધન સંસ્થા, વડોદરા | **૩૦** | ૦૯ | ૦૩ | - | - | ૧૮ | ૦૨ | - | - | - | ૦૫ | **૦૧** | **૦૩** |
| ૨૦૬/૨૦૨૨૨૩ મ્યુનિસિપલ ઇજનેર, વર્ગ-૩ | નિયામકશ્રી, નગરપાલિકાઓની કચેરી ગાંધીનગર | ૮૮ | ૩૮ | ૦૮ | ૦૭ | ૧૬ | ૧૯ | ૧૨ | ૦૨ | ૦૨ | ૦૫ | ૦૬ | **૦૪** | **૦૮** |
| ૨૦૭/૨૦૨૨૨૩ અધિક મદદનીશ ઇજનેર (સીવીલ), વર્ગ-૩ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | **૧૦૪** | ૪૪ | ૧૦ | ૦૭ | ૧૫ | ૨૮ | ૧૫ | ૦૩ | ૦૨ | ૦૫ | ૦૯ | **૦૫** | **૧૦** |
| | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ **(અનુ. જન જાતિ બેકલોગ)** | ૮૮ | -- | -- | -- | ૮૮ | -- | -- | -- | -- | ૨૯ | -- | **૦૪** | **૦૮** |
| | **કુલ જગ્યા** | **૧૯૨** | **૪૪** | **૧૦** | **૦૭** | **૧૦૩** | **૨૮** | **૧૫** | **૦૩** | **૦૨** | **૩૪** | **૦૯** | **૦૯** | **૧૮** |
| ૨૦૮/૨૦૨૨૨૩ રેખનકાર, વર્ગ-૩ | માર્ગ અને મકાન વિભાગ | | | | | | | | | | | | | |
| | (૧) અધિક્ષક ઇજનેર, અમદાવાદ વર્તુળ | **૦૪** | ૦૩ | - | - | ૦૧ | - | - | - | - | - | - | - | - |
| | (૨) અધિક્ષક ઇજનેર, મહેસાણા વર્તુળ | **૦૨** | ૦૧ | - | - | ૦૧ | - | - | - | - | - | - | - | - |



https://www.freshersnow.com/government-jobs-india/

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | (૩) અધિક્ષક ઇજનેર, અમદાવાદ શહેર વર્તુળ | ૦૨ | ૦૨ | - | - | - | - | - | - | - | - | - | - | - |
| | (૪) અધિક્ષક ઇજનેર, ગાંધીનગર વિદ્યુત વર્તુળ | ૦૫ | ૦૪ | - | - | - | ૦૧ | ૦૧ | - | - | - | - | ૦૧ | - |
| | (૫) અધિક્ષક ઇજનેર, આલેખન વર્તુળ | ૦૭ | ૦૫ | - | - | - | ૦૨ | ૦૧ | - | - | - | - | ૦૧ | - |
| | (૬) અધિક્ષક ઇજનેર, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વર્તુળ, ગાંધીનગર | ૦૨ | ૦૧ | - | - | - | ૦૧ | - | - | - | - | - | - | - |
| | (૭) મુખ્ય સ્થપતિ અને નગર નિયોજક, ગાંધીનગર | ૦૨ | ૦૨ | - | - | - | - | - | - | - | - | - | - | - |
| | (૮) અધિક્ષક ઇજનેર, વડોદરા વર્તુળ. | ૦૬ | ૦૫ | - | - | - | ૦૧ | ૦૧ | - | - | - | - | ૦૧ | - |
| | (૯) અધિક્ષક ઇજનેરલ સુરત વર્તુળ | ૦૮ | ૦૫ | - | - | ૦૧ | ૦૨ | ૦૧ | - | - | - | - | ૦૧ | - |
| | (૧૦) અધિક્ષક ઇજનેર, વર્તુળ નં.૧, રાજકોટ. | ૦૬ | ૦૫ | - | - | - | ૦૧ | ૦૧ | - | - | - | - | ૦૧ | - |
| | (૧૧) અધિક્ષક ઇજનેર, વર્તુળ નં.૨, રાજકોટ | ૦૬ | ૦૫ | - | - | ૦૧ | - | ૦૧ | - | - | - | - | ૦૧ | - |
| | **કુલ જગ્યા** | ૫૦ | ૩૮ | - | - | ૦૪ | ૦૮ | ૦૬ | - | - | - | - | ૦૬ | - |
| ૨૦૯/ ૨૦૨૨૨૩ વર્ક આસીસ્ટન્ટ, વર્ગ-૩ | **માર્ગ અને <u>મકાન વિભાગ.</u>** (૧) અધિક્ષક ઇજનેરશ્રી, (મા. મ.) વર્તુળ, અમદાવાદ | ૧૧૭ | ૩૯ | ૧૧ | ૦૯ | ૨૧ | ૩૭ | ૧૨ | ૦૩ | ૦૨ | ૦૬ | ૧૨ | ૦૬ | ૧૧ |
| | (૨) અધિક્ષક ઇજનેરશ્રી, (મા.મ.) વર્તુળ, મહેસાણા | ૮૭ | ૩૦ | ૦૮ | ૦૭ | ૧૫ | ૨૭ | ૦૯ | ૦૨ | ૦૨ | ૦૪ | ૦૮ | ૦૩ | ૦૮ |



https://www.freshersnow.com/government-jobs-india/

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | (૩) અધિક્ષક ઇજનેરશ્રી, અમદાવાદ શહેર વર્તુળ, | ૭૦ | ૨૫ | ૦૭ | ૦૫ | ૧૨ | ૨૧ | ૦૮ | ૦૨ | ૦૧ | ૦૩ | ૦૬ | ૦૪ | ૦૭ |
| | (૪) અધિક્ષક ઇજનેરશ્રી, યાંત્રિક(મા.મ.) વર્તુળ, અમદાવાદ | ૧૧ | ૦૫ | ૦૧ | - | ૦૨ | ૦૩ | ૦૧ | - | - | - | - | - | ૦૧ |
| | (૫) અધિક્ષક ઇજનેરશ્રી, પાટનગર યોજના વર્તુળ, ગાંધીનગર | ૩૩ | ૧૭ | ૦૩ | - | ૦૬ | ૦૭ | ૦૫ | - | - | ૦૧ | ૦૨ | ૦૨ | ૦૩ |
| | (૬) અધિક્ષક ઇજનેરશ્રી, વિદ્યુત(મા.મ.) વર્તુળ, ગાંધીનગર | ૦૭ | ૦૪ | - | - | ૦૧ | ૦૨ | ૦૧ | - | - | - | - | - | - |
| | (૭) અધિક્ષક ઇજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરી માર્ગ, વર્તુળ, ગાંધીનગર | ૧૪ | ૦૮ | ૦૧ | ૦૧ | ૦૨ | ૦૨ | ૦૨ | - | - | - | - | - | ૦૧ |
| | (૮) નિયામકશ્રી, ઉપવન બગીચા તંત્ર, ગાંધીનગર | ૦૩ | ૦૨ | - | - | - | ૦૧ | - | - | - | - | - | - | - |
| | (૯) અધિક્ષક ઇજનેરશ્રી, (મા.મ.) વર્તુળ, વડોદરા | ૧૭૪ | ૭૫ | ૧૭ | ૧૦ | ૨૪ | ૪૮ | ૨૪ | ૦૫ | ૦૩ | ૦૭ | ૧૫ | ૦૮ | ૧૭ |
| | (૧૦) અધિક્ષક ઇજનેરશ્રી, (મા.મ.) વર્તુળ, સુરત | ૧૨૨ | ૪૯ | ૧૨ | ૦૯ | ૧૯ | ૩૩ | ૧૬ | ૦૩ | ૦૨ | ૦૬ | ૧૦ | ૦૬ | ૧૨ |
| | (૧૧) અધિક્ષક ઇજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરી માર્ગ, વર્તુળ, વડોદરા | ૦૯ | ૦૬ | - | - | ૦૧ | ૦૨ | ૦૧ | - | - | - | - | - | - |
| | (૧૨) અધિક્ષક ઇજનેરશ્રી (મા.મ.) વર્તુળ-૧, રાજકોટ | ૭૧ | ૩૭ | ૦૭ | ૦૨ | ૧૨ | ૧૩ | ૧૨ | ૦૨ | - | ૦૩ | ૦૪ | ૦૪ | ૦૭ |
| | (૧૩) અધિક્ષક ઇજનેરશ્રી, (મા.મ.) વર્તુળ-૨, રાજકોટ | ૫૩ | ૧૫ | ૦૫ | ૦૫ | ૧૧ | ૧૭ | ૦૪ | ૦૧ | ૦૧ | ૦૩ | ૦૫ | ૦૩ | ૦૫ |
| | **કુલ જગ્યા** | ૭૭૧ | ૩૧૨ | ૭૨ | ૪૮ | ૧૨૬ | ૨૧૩ | ૯૫ | ૧૮ | ૧૧ | ૩૩ | ૬૨ | ૩૬ | ૭૨ |
| ૨૧૦/૨૦૨૨૨૩ વિદ્યુત શુલ્ક નિરીક્ષક, વર્ગ-૩ | **વિદ્યુત શુલ્ક સમાહર્તાની કચેરી, ગાંધીનગર** | ૦૮ | ૦૪ | - | - | ૦૧ | ૦૩ | ૦૧ | - | - | - | - | ૦૧ | - |



https://www.freshersnow.com/government-jobs-india/

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૧૧/૨૦૨૨૨૩ મદદનીશ ગ્રંથપાલ, વર્ગ ૩ | ગ્રંથાલય નિયામકશ્રી, ગાંધીનગર | ૩૭ | ૧૭ | ૦૩ | ૦૨ | ૦૬ | ૦૯ | ૦૫ | ૦૧ | - | ૦૨ | ૦૩ | ૦૨ | ૦૩ |
| **તમામ સંવર્ગોની કુલ જગ્યાઓ** | | ૧૧૭૬ | ૪૬૨ | ૯૬ | ૬૪ | ૨૫૬ | ૨૯૮ | ૧૩૬ | ૨૪ | ૧૫ | ૭૪ | ૮૫ | ૫૯ | ૧૦૪ |

ઉપર દર્શાવેલ જગ્યાઓ પૈકી માજી સૈનિકો અને શારિરીક રીતે વિકલાંગ ઉમેદવારો માટેની સંવર્ગવાર અનામત જગ્યાઓ નીચે દર્શાવ્યા મુજબની રહેશે.

| જાહેરાત ક્રમાંક | સંવર્ગનું નામ | કુલ જગ્યાઓ | માજી સૈનિક | શારિરીક વિકલાંગ | **A** | **B** | **C** | **D & E** |
|---|---|---|---|---|---|---|---|---|
| **૨૦૫/ ૨૦૨૨૨૩** | જુનિયર સાયન્ટીફીક આસીસ્ટન્ટ, વર્ગ-૩ | **૩૦** | **૦૩** | **૦૧** | **૦૧** | - | - | - |
| **૨૦૬/ ૨૦૨૨૨૩** | મ્યુનિસિપલ ઇજનેર, વર્ગ-૩ | **૮૮** | **૦૮** | **૦૪** | **૦૧** | **૦૧** | **૦૧** | **૦૧ (D)** |
| **૨૦૭/ ૨૦૨૨૨૩** | અધિક મદદનીશ ઇજનેર (સીવીલ) વર્ગ-૩ | **૧૦૪** | **૧૦** | **૦૫** | **૦૨** | **૦૧** | **૦૧** | **૦૧ (D/E)** |
| | અધિક મદદનીશ ઇજનેર (સીવીલ) વર્ગ-૩ (અનુ. જન જાતિ બેકલોગ) | **૮૮** | **૦૮** | **૦૪** | **૦૧** | **૦૧** | **૦૧** | **૦૧ (D/E)** |
| **૨૦૮/ ૨૦૨૨૨૩** | **રેખનકાર,વર્ગ- ૩ <u>માર્ગ અને</u> <u>મકાન વિભાગ.</u>** | | | | | | | |
| | અમદાવાદ વર્તુળ | **૦૪** | - | - | - | - | - | - |
| | મહેસાણા વર્તુળ | **૦૨** | - | - | - | - | - | - |
| | અમદાવાદ શહેર વર્તુળ | **૦૨** | - | - | - | - | - | - |
| | ગાંધીનગર વિદ્યુત વર્તુળ | **૦૫** | - | **૦૧** | **૦૧** | - | - | - |
| | આલેખન વર્તુળ | **૦૭** | - | **૦૧** | - | **૦૧** | - | - |
| | રાષ્ટ્રીય ધોરીમાર્ગ વર્તુળ, ગાંધીનગર | **૦૨** | - | - | - | - | - | - |
| | મુખ્ય સ્થપતિ અને નગર નિયોજક, ગાંધીનગર | **૦૨** | - | - | - | - | - | - |
| | વડોદરા વર્તુળ | **૦૬** | - | **૦૧** | - | - | **૦૧** | - |
| | સુરત વર્તુળ | **૦૮** | - | **૦૧** | - | - | - | **૦૧ (D)** |
| | રાજકોટ વર્તુળ નં.૧ | **૦૬** | - | **૦૧** | - | - | - | **૦૧ (E)** |
| | રાજકોટ વર્તુળ નં.૨ | **૦૬** | - | **૦૧** | **૦૧** | - | - | - |
| **૨૦૯/ ૨૦૨૨૨૩** | **વર્ક આસીસ્ટન્ટ, વર્ગ-૩ <u>માર્ગ અને</u> <u>મકાન વિભાગ.</u>** | | | | | | | |
| | (૧) અધિક્ષક ઇજનેરશ્રી, (મા. મ.) વર્તુળ, અમદાવાદ | **૧૧૭** | **૧૧** | **૦૬** | **૦૨** | **૦૨** | **૦૧** | **૦૧ (D)** |



https://www.freshersnow.com/government-jobs-india/

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | (૨) અધિક્ષક ઇજનેરશ્રી, (મા.મ.) વર્તુળ, મહેસાણા | ૮૭ | ૦૮ | ૦૩ | ૦૧ | ૦૧ | ૦૧ | - |
| | (૩) અધિક્ષક ઇજનેરશ્રી, અમદાવાદ શહેર વર્તુળ, | ૭૦ | ૦૭ | ૦૪ | ૦૧ | ૦૧ | ૦૧ | **૦૧ (E)** |
| | (૪) અધિક્ષક ઇજનેરશ્રી, યાંત્રિક (મા.મ.) વર્તુળ, અમદાવાદ | ૧૧ | ૦૧ | - | - | - | - | - |
| | (૫) અધિક્ષક ઇજનેરશ્રી, પાટનગર યોજના વર્તુળ, ગાંધીનગર | ૩૩ | ૦૩ | ૦૨ | ૦૧ | ૦૧ | - | - |
| | (૬) અધિક્ષક ઇજનેરશ્રી, વિદ્યુત (મા.મ.) વર્તુળ, ગાંધીનગર | ૦૭ | - | - | - | - | - | - |
| | (૭) અધિક્ષક ઇજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરી માર્ગ, વર્તુળ, ગાંધીનગર | ૧૪ | ૦૧ | - | - | - | - | - |
| | (૮) નિયામકશ્રી, ઉપવન બગીચા તંત્ર, ગાંધીનગર | ૦૩ | - | - | - | - | - | - |
| | (૯) અધિક્ષક ઇજનેરશ્રી, (મા.મ.) વર્તુળ, વડોદરા | ૧૭૪ | ૧૭ | ૦૮ | ૦૨ | ૦૨ | ૦૨ | **૦૨ (D&E)** |
| | (૧૦) અધિક્ષક ઇજનેરશ્રી, (મા.મ.) વર્તુળ, સુરત | ૧૨૨ | ૧૨ | ૦૬ | ૦૨ | ૦૨ | ૦૧ | **૦૧ (D)** |
| | (૧૧) અધિક્ષક ઇજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરી માર્ગ, વર્તુળ, વડોદરા | ૦૯ | - | - | - | - | - | - |
| | (૧૨) અધિક્ષક ઇજનેરશ્રી (મા.મ.) વર્તુળ-૧, રાજકોટ | ૭૧ | ૦૭ | ૦૪ | ૦૧ | ૦૧ | ૦૧ | **૦૧ (E)** |
| | (૧૩) અધિક્ષક ઇજનેરશ્રી, (મા.મ.) વર્તુળ-૨, રાજકોટ | ૫૩ | ૦૫ | ૦૩ | ૦૧ | ૦૧ | ૦૧ | - |
| | **કુલ જગ્યા** | **૭૭૧** | **૭૨** | **૩૬** | **૧૧** | **૧૧** | **૦૮** | **૦૬** |
| **૨૧૦/૨૦૨૨૨૩** | વિદ્યુત શુલ્ક નિરીક્ષક, વર્ગ-૩ | ૦૮ | - | ૦૧ | ૦૧ | - | - | - |
| **૨૧૧/૨૦૨૨૨૩** | મદદનીશ ગ્રંથપાલ, વર્ગ-૩ | ૩૭ | ૦૩ | ૦૨ | ૦૧ | ૦૧ | - | - |
| **તમામ સંવર્ગની કુલ જગ્યાઓ** | | **૧૧૭૬** | **૧૦૪** | **૫૯** | **૨૦** | **૧૬** | **૧૨** | **૧૧** |

શારીરિક રીતે અશક્ત ઉમેદવારો માટે અનામત જગ્યા હોય તે જગ્યા પર ઉમેદવારી નોંધાવવા માટે તેમજ અનામત સિવાયની જગ્યા પર ઉમેદવારી નોંધાવવા માંગે ત્યારે નીચે મુજબની **દિવ્યાંગતા માન્ય રહેશે:**



https://www.freshersnow.com/government-jobs-india/

| જાહેરાત ક્રમાંક અને સંવર્ગનું નામ | શારિરીક વિકલાંગ | અંધત્વ અથવા ઓછી દ્રષ્ટી | બધિર અને ઓછું સાંભળનાર | મગજનો લકવો સહિત હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુ | સ્વલીનતા બૌધ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી - **D** અને (A) થી (D) હેઠળના વ્યક્તિમાંથી એક કરતાં વધારે પ્રકારની દિવ્યાંગતા **- E** |
|---|---|---|---|---|---|
| | | **A** | **B** | **C** | **D & E** |
| ૨૦૫/૨૦૨૨૨૩ | જુનિયર સાયન્ટીફીક આસીસ્ટન્ટ, વર્ગ-૩ | LV (40-70%) | D, HH | OA, OL, BL, CP, LC, Dw, AAV | ASD(M,MoD), SLD, MI (40-70%), MD (40-70%) |
| ૨૦૬/૨૦૨૨૨૩ | મ્યુનિસિપલ ઇજનેર, વર્ગ-૩ | LV (40-70%) | D, HH (40-70%) | OA, BA, OL, BL, LC, Dw, AAV | SLD, MI, MD (40-70%) |
| ૨૦૭/૨૦૨૨૨૩ | અધિક મદદનીશ ઇજનેર (સીવીલ) વર્ગ-૩ | B, LV (40-70%) | D, HH (40-70%) | OA, BL, CP, LC, Dw, AAV | ASD(M), ID, SLD, MI, MD (40-70%) |
| | અધિક મદદનીશ ઇજનેર (સીવીલ) વર્ગ-૩ (અનુ. જનજાતિ બેકલોગ) | B, LV (40-70%) | D, HH (40-70%) | OA, BL, CP, LC, Dw, AAV | ASD(M), ID, SLD, MI, MD (40-70%) |
| ૨૦૮/૨૦૨૨૨૩ | રેખનકાર | LV (40-70%) | D, HH | OL, BL, LC, Dw, AAV | ASD(M), ID, SLD, MI(40-70%), MD (40-70%) |
| ૨૦૯/૨૦૨૨૨૩ | વર્ક આસીસ્ટન્ટ, વર્ગ-૩ | LV (40-70%) | D, HH | OL, CP, LC, Dw, AAV, | ASD(M,MoD), ID, SLD, MI(40-70%), MD (40-70%) |
| ૨૧૦/૨૦૨૨૨૩ | વિદ્યુત શુલ્ક નિરીક્ષક, વર્ગ-૩ | LV (40-70%) | HH (40-70%) | OA. OL, Dw, LC, AAV | SLD |
| ૨૧૧/૨૦૨૨૨૩ | મદદનીશ ગ્રંથપાલ, વર્ગ-૩ | LV (40-70%) | D, HH | OA, BA, OL, BL, OAL, CP, LC, Dw, AAV, MDy | ASD(M), ID, SLD, MI, MD involving (a) to (d) above |

**B** (Blind), **LV**(Low Vision), **D** (Deaf), **HH** (Hard of Hearing), **OA**(One Arm), **OL** (One leg),**BL** (Both Legs),**OAL**(One Arm and One leg), **BLOA**(Both Leg One Arm), **CP** (Cerebral palsy), **LC** (Leprosy Cured), **Dw** (Dwarfism), **AAV** (Acid Attack Victim), **ASD** (Autism Spectrum Disorder) **M**- Mild **MoD**- Moderate, **SLD** (Specific Learning Disability), **MI** (Mental Illness), **MD** (Multiple Disabilities) Disabilities included in Group A to D, **MDy** (Muscular Dystrophy)

**<u>નોંધ:-</u>**

(૧) અનામત વર્ગના ઉમેદવારો બિન અનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિનઅનામતનાં ધોરણો લાગુ પડશે.

(૨) શારીરિક રીતે અશક્ત ઉમેદવારો માટે કોઇ જગ્યા અનામત નથી, પરંતુ ઉપર દર્શાવ્યા મુજબની શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારો અનામત સિવાયની જગ્યા પર ઉમેદવારી કરી શકશે. શારીરિક રીતે અશક્ત ઉમેદવારોને સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૧-૧૨-૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંકઃ પરચ-૧૦૨૦૦૮–૪૬૯૫૪૦- ગ-૨થી નિયત થયેલ સુપ્રિન્ટેડન્ટ/ સિવિલ સર્જનના તબીબી પ્રમાણપત્રને આધિન રહીને ઉપલી વય મર્યાદામાં ૧૦ વર્ષની


https://www.freshersnow.com/government-jobs-india/

છૂટછાટ મળશે (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં). શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોએ Online ફોર્મમાં Personal Detailsમાં પોતાની અશક્તતાની ટકાવારી / વિગત દર્શાવવાની રહેશે.

(૩) ઉપર દર્શાવેલ જગ્યાઓમાં વધઘટ થવાની શક્યતા રહેલ હોઇ જગ્યાઓમાં વધઘટ થઇ શકશે.

(૪) અનામત જગ્યાઓ ફકત મૂળ ગુજરાતના અનામત વર્ગના ઉમેદવારો માટે જ અનામત છે.

(૫) સામાન્ય વહિવટ વિભાગના તા. ૧૧/૧૧/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક-સીઆરઆર/ ૧૦૯૬/ ૨૨/ ૧૩/ ગ.૨(ભાગ-૧) ની જોગવાઇઓ ધ્યાને લઇને, મહિલાઓ માટે અનામત જગાઓ રાખવામાં આવેલ છે. મહિલાઓની અનામત જગ્યાઓ માટે લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો, તે જગ્યા સંબંધિત કેટેગરી (બિન અનામત, આર્થિક રીતે નબળા વર્ગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ) ના પુરૂષ ઉમેદવારથી ભરવામાં આવશે.

(૬) માજી સૈનિક માટે નિયમાનુસાર ૧૦ % જગ્યા અનામત છે. માજી સૈનિક કેટેગરીમાં પસંદ થયેલ ઉમેદવારોને તેઓની સંબંધિત જે તે કેટેગરી (બિન અનામત, આર્થિક રીતે નબળા વર્ગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ) સામે સરભર કરવામાં આવશે. માજી સૈનિકની અનામત જગ્યા માટે લાયક માજી સૈનિક ઉમેદવાર નહીં મળે તો તે જગ્યા અન્ય સામાન્ય લાયક ઉમેદવારોથી ભરવામાં આવશે.

માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જલ, વાયુ અને સ્થળની આર્મી ફોર્સીસમાં ઓછામાં ઓછા છ માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનુ સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ અને ડિસ્ચાર્જ બુક ધરાવતાં હોય તો ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છુટછાટ મળશે. માજી સૈનિક તરીકેની ફરજ ચાલુ હોય તેવા ઉમેદવારો નિવૃત્તિનું એક વર્ષ બાકી હોય તો પણ તેઓ પોતાની ઉમેદવારી નોંધાવી શકશે.

(૭) શારીરિક રીતે અશક્ત (દિવ્યાંગ) ઉમેદવારોની જગ્યાઓ જે તે કેટેગરી સામે સરભર કરવામાં આવશે. શારીરિક રીતે અશક્ત (દિવ્યાંગ) ઉમેદવારોની જગ્યા માટે લાયક શારીરિક રીતે અશક્ત (દિવ્યાંગ) ઉમેદવારો ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા અન્ય સામાન્ય લાયક ઉમેદવારોથી ભરવામાં આવશે.

ઉમેદવાર, સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૫/૦૨/૨૦૦૧ ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૨૦૦૦/જીઓઆઇ-૭/ગ-૨ ના ઠરાવની જોગવાઇ મુજબ **દિવ્યાંગતાની ૪૦% કે તેથી વધુ ટકાવારી ધરાવતાં હોવાનું સિવિલ સર્જનનું સર્ટીફીકેટ ધરાવતાં હશે, તો જ દિવ્યાંગ ઉમેદવાર તરીકે ઉપલી વયમર્યાદા અને અનામતનો લાભ મળશે**. શારીરિક અશક્તતા અંગે સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૧-૧૨-૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંકઃ



https://www.freshersnow.com/government-jobs-india/

પરચ-૧૦૨૦૦૮–૪૬૯૫૪૦- ગ-૨ અને ત્યારબાદ સરકારશ્રીના વખતો વખતના સુધારા પરિપત્રથી નિયત થયેલ નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ/ સિવિલ સર્જન/ મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.

(૮) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરૂષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યાઓ પર પુરૂષ તેમજ મહિલા ઉમેદવારોની પસદંગી ઉમેદવારોએ મેળવેલ માર્કસના મેરીટસને ધ્યાને લઇ કરવામાં આવે છે તેથી આવી જગ્યાઓ માટે પુરૂષ તેમજ  મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

## ૨. <u>પગાર ધોરણ</u>:-

નાણાં વિભાગના તા.૧૬-૨-૨૦૦૬ ના તથા તા. ૨૯/૪/૨૦૧૦ અને તા. ૬/૧૦/૨૦૧૧, તા. ૨૦/૧૦/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક: - ખરચ -૨૦૦૨- ૫૭-ઝ.૧ તેમજ તા. ૨૦/૧૦/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક: - ખરચ -૨૦૦૨- ૫૭-(પાર્ટ-૨)-ઝ.૧ તથા છેલ્લે તા. ૧૮/૦૧/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક: - ખરચ -૨૦૦૨- ૫૭-(પાર્ટ-૨)-ઝ.૧ અન્વયે પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિ માસ માટે નીચે મુજબના નિયત ફિકસ પગારથી નિમણૂંક અપાશે. તેમજ ઉકત ઠરાવના અન્ય લાભો મળવાપાત્ર થશે. અને સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૩-૧૦-૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક:- સીઆરઆર-૧૧-૨૦૧૫-૩૧૨૯૧૧-ગ.૫ અને નાણા વિભાગના તા. ૨૮-૦૩-૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક:- ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૩)/ઝ-૧ તથા તા.૧૮/૦૧/૨૦૧૭ માં દર્શાવેલ બોલીઓ અને શરતોને આધિન નિમાયેલ ઉમેદવાર પાંચ વર્ષના અંતે તેની સેવાઓ સંતોષકારક જણાયેથી સંબંધિત કચેરીમાં જે તે સમયના સરકારશ્રીના નિયમોનુસાર મળવાપાત્ર પગાર ધોરણમાં નિયમિત નિમણૂંક મેળવવાને પાત્ર થશે. તેમ છતાં, આ બાબતે નામદાર સુપ્રીમ કોર્ટમાં દાખલ થયેલ SLP No. 14124/2012 અને SLP No. 14125/2012 ના ચુકાદાને આધીન રહેશે.

| જાહેરાત ક્રમાંક | વિભાગ/ ખાતાની વડાની કચેરીનું નામ | સંવર્ગનું નામ | પ્રથમ પાંચ વર્ષ સુધી મળનાર ફિકસ પગાર |
|---|---|---|---|
| **૨૦૫/ ૨૦૨૨૨૩** | મુખ્ય ઇજનેર અને નિયામક ગુજરાત ઇજનેરી સંશોધન સંસ્થા, વડોદરા | જુનિયર સાયન્ટીફીક આસીસ્ટન્ટ, વર્ગ-3 | ૩૧,૩૪૦/- |
| **૨૦૬/ ૨૦૨૨૨૩** | નિયામકશ્રી, નગરપાલિકાઓની કચેરી ગાંધીનગર | મ્યુનિસિપલ ઇજનેર, વર્ગ-3 | ૩૮,૦૯૦/- |
| **૨૦૭/ ૨૦૨૨૨૩** | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | અધિક મદદનીશ ઇજનેર (સીવીલ), વર્ગ-3 | ૩૮,૦૯૦/- |
| | | અધિક મદદનીશ ઇજનેર (સીવીલ) વર્ગ-3 (અનુ. જનજાતિ બેકલોગ) | ૩૮,૦૯૦/- |



https://www.freshersnow.com/government-jobs-india/

| | | | |
|---|---|---|---|
| ૨૦૮/ ૨૦૨૨૨૩ | માર્ગ અને મકાન વિભાગ હેઠળની વર્તુળ કચેરીઓ | રેખનકાર,વર્ગ-3 | ૧૯,૯૫૦/- |
| ૨૦૯/ ૨૦૨૨૨૩ | માર્ગ અને મકાન વિભાગ હેઠળની વર્તુળ કચેરીઓ | વર્ક આસીસ્ટન્ટ, વર્ગ-3 | ૧૯,૯૫૦/- |
| ૨૧૦/ ૨૦૨૨૨૩ | વિદ્યુત શુલ્ક સમાહર્તાની કચેરી, ગાંધીનગર | વિદ્યુત શુલ્ક નિરીક્ષક, વર્ગ-3 | ૩૧,૩૪૦/- |
| ૨૧૧/ ૨૦૨૨૨૩ | ગ્રંથાલય નિયામકશ્રી, ગાંધીનગર | મદદનીશ ગ્રંથપાલ, વર્ગ-3 | ૧૯,૯૫૦/- |

૩. <u>રાષ્ટ્રીયતા</u>:- **ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ.** અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ-૭ ની જોગવાઇ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતા હોવા જોઇએ.

**૪.(૧) વયમર્યાદા અને શૈક્ષણિક લાયકાતની વિગતો:-**

| **જા.ક્ર.** | **સંવર્ગ** | **વયમર્યાદા / શૈક્ષણિક લાયકાત** |
|---|---|---|
| **૨૦૫/ ૨૦૨૨૨૩** | **જુનિયર સાયન્ટીફીક આસીસ્ટન્ટ, વર્ગ-3** | (ક) તા. ૩૦/૦૬/૨૦૨૨ ના રોજ ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહિ અને ૩૫ + **૧ વર્ષની વધુ છૂટછાટ = ૩૬ વર્ષ (સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૪/૧૦/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/ ૧૧/૨૦૨૧/૪૫૦૯૦૦/ગ-૫ મુજબ ) વર્ષથી વધુ ન હોવી જોઇશે.; અને**<br>વખતોવખત સુધાર્યા પ્રમાણેના ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ ની જોગવાઇ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવી વ્યક્તિઓની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે.<br>(ખ) (૧) ઉમેદવાર ભારતમાં કેન્દ્રિય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇપણમાંથી અથવા યુ.જી.સી. એકટ-૧૯૫૬ ના સેકશન-૩ હેઠળ જાહેર થયા મુજબ યુનિવર્સિટી હોવાનું ગણાતી અથવા તે તરીકે માન્ય થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી ઇજનેરી (સિવિલ) અથવા ટેકનોલોજી (સિવિલ) સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇશે; **અથવા**<br>(૨) ટેકનિકલ પરીક્ષા બોર્ડમાંથી ભારતમાં કેન્દ્રિય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇપણમાંથી અથવા યુ.જી.સી. એકટ-૧૯૫૬ ના સેકશન-૩ હેઠળ જાહેર થયા મુજબ યુનિવર્સિટી હોવાનું ગણાતી અથવા તે તરીકે માન્ય થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલો સિવિલ ઇજનેરીમાં ડિપ્લોમા ધરાવતો હોવો જોઇશે; **અને**<br>(ક) ગુજરાત ઇજનેરી સંશોધન સંસ્થાના નિયામકની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, પ્રયોગશાળા મદદનીશ, વર્ગ-૩ની જગા પરનો આશરે બે વર્ષનો અનુભવ હોવો જોઈશે; અથવા |



https://www.freshersnow.com/government-jobs-india/

| | | |
|---|---|---|
| | | (ખ) સરકાર/ સરકાર હસ્તકના ઉપક્રમ/ બોર્ડ/ કોર્પોરેશન અથવા કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થપાયેલી લિમિટેડ કંપનીમાં સિવિલ ઇજનેરીના ક્ષેત્રમાં પ્રયોગશાળા પરીક્ષણ, ગુણવત્તા નિયંત્રણ, ક્ષેત્રિય ગુણવત્તાની સુનિશ્ચિતતા, ક્ષેત્રિય તપાસ, ડિઝાઇન (રૂપરેખા ઘડવી) અથવા બાંધકામનો આશરે બે વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇશે;<br>(૩) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે.<br>(૪) ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે. |
| **૨૦૬/ ૨૦૨૨૨૩** | **મ્યુનિસિપલ ઇજનેર, વર્ગ-૩** | (ક) તા. ૩૦/૦૬/૨૦૨૨ ના રોજ ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહિ અને ૩૫ + **૧ વર્ષની વધુ છૂટછાટ = ૩૬ વર્ષ (સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૪/૧૦/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/ ૧૧/૨૦૨૧/૪૫૦૯૦૦/ગ-૫ મુજબ ) વર્ષથી વધુ ન હોવી જોઇશે.; અને**<br>(ખ) (૧) ઉમેદવાર ભારતમાં કેન્દ્રિય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇપણમાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ,૧૯૫૬ ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ સિવિલ એન્જીનિયરીંગ અથવા ટેક્નોલોજીની સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇશે અથવા સરકારે માન્ય કરેલ તેની સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે. (સરકાર દ્વારા સિવિલ એન્જીનિયરીંગ અથવા ટેક્નોલોજીની સ્નાતકની પદવીની સમકક્ષ પદવીમાં નીચે પ્રમાણેની એન્જીનિયરીંગ અથવા ટેક્નોલોજીની સ્નાતકની ડીગ્રીઓનો સમાવેશ કરવામાં આવેલ છે. 1. CIVIL ENGINEERING 2. CIVIL (ENVIRONMENTAL & POLLUTION CONTROL) 3. CIVIL (CONSTRUCTION TECHNOLOGY) 4. CIVIL (ENVIRONMENT ENGINEERING) 5. CIVIL (PUBLIC HEALTH & ENVIORNMENT) ENGINEERING 6. CONSTRUCTION AND PROJECT MANAGENMENT 7. CONSTRUCTION ENGINEERING 8. CONSTRUCTION ENGINEERING & MANAGEMENT 9. CONSTRUCTION MANAGEMENT 10. CONSTRUCTION PLANNING & MANAGEMENT 11. CONSTRUCTION TECHNOLOGY & MANAGEMENT 12. GEOINFORMATICS AND SURVEYING TECHNOLOGY 13. HIGHWAY ENGINEERING 14. HIGHWAY TECHNOLOGY 15. HYDRAULICS & FOOD CONTROL 16. HYDRAULICS ENGINEERING 17. IRRIGATION AND DRAINAGE ENGINEERING 18. IRRIGATION ENGINEERING 19. TOWN AND COUNTRY PLANNING 20. TRAFFIC AND TRANSPORTATING ENGINEERING 21. TRANSPORTATION |



https://www.freshersnow.com/government-jobs-india/

| | | |
|---|---|---|
| | | ENGINEERING 22. TRANSPORTATION ENGINEERING & MANAGEMENT 23. TRANSPORTATION SYSTEM ENGINEERING 24. WATER RESOURCE ENGINEERING 25. WATER RESOURCE ENGINEERING & MANAGEMENT 26. WATER RESOURCE MANAGEMENT 27. WATER RESOURCE AND ENVIRONMENTAL ENGINEERING 28. WATER RESOURCE AND HYDRO INFORMATICS 29. URBAN PLANNING 30. BUILDING SCIENCE AND TECHNOLOGY 31. ENVIRONMENTAL ENGINEERING 32. TRANSPORTATION ENGINEERING 33. STRUCTURAL ENGINEERING AND CONSTRUCTION MANAGEMENT 34. CIVIL ENGINEERING ENVIRONMENT & POLLUTION CONTROL 35. CONSTRUCTION TECHNOLOGY 36. CONSTRUCTION TECHNOLOGY & MANAGEMENT 37. PLANNING 38. TRANSPORTATION ENGINEERING AND PLANNING. )<br>(૨) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે.<br>(૩) ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.<br>વખતોવખત સુધાર્યા પ્રમાણેના ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ ની જોગવાઇ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવી વ્યક્તિઓની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે. |
| **૨૦૭/ ૨૦૨૨૨૩** | **અધિક મદદનીશ ઇજનેર (સીવીલ), વર્ગ-૩**<br>**અધિક મદદનીશ ઇજનેર (સીવીલ), વર્ગ-૩ (અનુ. જનજાતિ બેકલોગ)** | (ક) તા. ૩૦/૦૬/૨૦૨૨ ના રોજ ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહિ અને ૩૩+ **૧ વર્ષની વધુ છૂટછાટ = ૩૪ વર્ષ (સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૪/૧૦/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/ ૧૧/૨૦૨૧/૪૫૦૯૦૦/ગ-૫ મુજબ ) વર્ષથી વધુ ન હોવી જોઇશે.; અને**<br>વખતોવખત સુધાર્યા પ્રમાણેના ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ ની જોગવાઇ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવી વ્યક્તિઓની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે.<br>(ખ) (૧) ઉમેદવાર ટેકનીકલ પરીક્ષા બોર્ડમાંથી અથવા ભારતમાં કેન્દ્રિય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇપણમાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ,૧૯૫૬ ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થાનો સીવીલ એન્જીનીયરીંગ નો ડીપ્લોમા **(ભરતી નિયમો મુજબ સીવીલ એન્જીનીયરીંગની સ્નાતકની ડીગ્રીને માન્ય ગણેલ ન હોવાથી સીધી સીવીલ એન્જીનીયરીંગની ડીગ્રી** |



https://www.freshersnow.com/government-jobs-india/

| | | |
|---|---|---|
| | | **મેળવેલ હોય તેવા ઉમેદવારો અરજી કરી શકશે નહીં)** ધરાવતો હોવો જોઇશે.<br>(૨) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે.<br>(૩) ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે. |
| **૨૦૮/ ૨૦૨૨૨૩** | **રેખનકાર,**<br>વર્ગ-૩ | (ક) તા. ૩૦/૦૬/૨૦૨૨ ના રોજ ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહિ અને ૩૩ + **૧ વર્ષની વધુ છૂટછાટ = ૩૪ વર્ષ (સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૪/૧૦/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/ ૧૧/૨૦૨૧/૪૫૦૯૦૦/ગ-૫ મુજબ ) વર્ષથી વધુ ન હોવી જોઇશે.; અને**<br>(ખ) (૧) ઉમેદવારે સરકાર દ્વારા સ્થપાયેલ આઇ.ટી.આઇ માંથી મેળવેલ ઓછામાં ઓછો બે વર્ષનો સીવીલ ડ્રાફટમેનના તાલીમી કોર્ષનું પ્રમાણપત્ર મેળવેલ હોવો જોઇશે.<br>(ગ)ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે.<br>(ઘ) ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.<br>વખતોવખત સુધાર્યા પ્રમાણેના ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ ની જોગવાઇ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવી વ્યક્તિઓની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે. |
| **૨૦૯/ ૨૦૨૨૨૩** | **વર્ક આસીસ્ટન્ટ,**<br>વર્ગ-૩ | (ક) તા. ૩૦/૦૬/૨૦૨૨ ના રોજ ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહિ અને ૩૩ + **૧ વર્ષની વધુ છૂટછાટ = ૩૪ વર્ષ (સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૪/૧૦/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/ ૧૧/૨૦૨૧/૪૫૦૯૦૦/ગ-૫ મુજબ ) વર્ષથી વધુ ન હોવી જોઇશે.; અને**<br>(ખ)(૧) ઉમેદવાર ટેકનીકલ પરીક્ષા બોર્ડમાંથી અથવા ભારતમાં કેન્દ્રિય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇપણમાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ,૧૯૫૬ ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થાનો સીવીલ એન્જીનીયરીંગ નો ડીપ્લોમા ધરાવતો હોવો જોઇશે; **(ભરતી નિયમો મુજબ સીવીલ એન્જીનીયરીંગની સ્નાતકની ડીગ્રીને માન્ય ગણેલ ન હોવાથી સીધી સીવીલ એન્જીનીયરીંગની ડીગ્રી મેળવેલ હોય તેવા ઉમેદવારો અરજી કરી શકશે નહીં)**<br>**અથવા**<br>(૨) ઉમેદવાર ઔદ્યોગિક તાલીમ સંસ્થામાંથી **સીવીલ ડ્રાફટસમેનનો બે વર્ષનો** પ્રમાણપત્ર અભ્યાસક્રમ કરેલો હોવો જોઇશે. **અને** |



https://www.freshersnow.com/government-jobs-india/

| | | |
|---|---|---|
| | | સીવીલ ડ્રાફટસમેનના ક્ષેત્રમાંનો અથવા સરકાર અથવા સ્થાનિક મંડળ અથવા સરકાર હસ્તકના બોર્ડ અથવા કોર્પોરેશન અથવા કંપની અધિનિયમ-૨૦૧૩ હેઠળ સ્થપાયેલ લિમિટેડ કંપનીમાં સીવીલ ડ્રાફટસમેન તરીકેની જગ્યા ગણી શકાય તેવી જગ્યા પરનો **આશરે બે વર્ષનો અનુભવ** ધરાવતો હોવો જોઇશે.<br>(ગ) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે.<br>(ઘ) ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.<br>વખતોવખત સુધાર્યા પ્રમાણેના ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ ની જોગવાઇ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવી વ્યક્તિઓની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે. |
| **૨૧૦/ ૨૦૨૨૨૩** | **વિદ્યુત શુલ્ક નિરીક્ષક, વર્ગ-૩** | (ક) તા. ૩૦/૦૬/૨૦૨૨ ના રોજ ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહિ અને ૩૫ + **૧ વર્ષની વધુ છૂટછાટ = ૩૬ વર્ષ (સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૪/૧૦/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/ ૧૧/૨૦૨૧/૪૫૦૯૦૦/ગ-૫ મુજબ ) વર્ષથી વધુ ન હોવી જોઇશે.; અને**<br>વખતોવખત સુધાર્યા પ્રમાણેના ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ ની જોગવાઇ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવી વ્યક્તિઓની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે.<br>(ખ) (૧) ઉમેદવાર ભારતમાં કેન્દ્રિય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુ.જી.સી. એકટ-૧૯૫૬ ના સેકશન-૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી **સ્નાતકની ડીગ્રી** ધરાવતો હોવો જોઇશે.<br>(૨) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે.<br>(૩) ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે. |
| **૨૧૧/ ૨૦૨૨૨૩** | **મદદનીશ ગ્રંથપાલ, વર્ગ-૩** | **(ક)** તા. ૩૦/૦૬/૨૦૨૨ ના રોજ ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહીં અને ૩૭ + **૧ વર્ષની વધુ છૂટછાટ = ૩૮ વર્ષ (સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૪/૧૦/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/ ૧૧/૨૦૨૧/૪૫૦૯૦૦/ગ-૫ મુજબ ) વર્ષથી વધુ ન હોવી જોઇશે.; અને**<br>**(ખ)** (૧) ઉમેદવાર ભારતમાં કેન્દ્રિય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુ.જી.સી. એકટ-૧૯૫૬ ના સેકશન-૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી ગ્રંથાલય અને માહિતી |



https://www.freshersnow.com/government-jobs-india/

| | | |
|---|---|---|
| | | વિજ્ઞાન (Library and Information Science) **અથવા** ગ્રંથાલય વિજ્ઞાન (Library Science) ની સ્નાતકની પદવી **અથવા** ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન (Library and Information Science) **અથવા** ગ્રંથાલય વિજ્ઞાન (Library Science) ની અનુસ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇશે.<br>(ગ) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે.<br>(ઘ) (૧) ઉમેદવાર સરકારમાં ગ્રંથાલય કારકુન વર્ગ-૩ ના દરજ્જાથી ઉતરતા દરજ્જાની ન હોય તેવી જગ્યા પરનો **અથવા**<br>(૨) સરકારમાં ગ્રંથાલય કારકુન વર્ગ-૩ ના દરજ્જાથી ઉતરતા દરજ્જાની ન હોય પણ તેને સમકક્ષ હોય તેવી, સરકારે તે તરીકે માન્ય કરેલી જગા પરનો, સરકાર હસ્તકના બોર્ડ અથવા કોર્પોરેશન અથવા સ્થાનિક સત્તામંડળોમાં **અથવા**<br>(૩) સરકારમાં ગ્રંથાલય કારકુન વર્ગ-૩ ના દરજ્જાથી ઉતરતા દરજ્જાની ન હોય પણ તેને સમકક્ષ હોય તેવી, સરકારે તે તરીકે માન્ય કરેલી જગા પરનો, રજીસ્ટર થયેલા ટ્રસ્ટ અથવા જાહેર ક્ષેત્ર અથવા ખાનગી ક્ષેત્રની સંસ્થામાંના ગ્રંથાલયોનો **એક વર્ષનો અનુભવ** ધરાવતો હોવો જોઇશે.<br>(ચ) ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.<br>વખતોવખત સુધાર્યા પ્રમાણેના ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ ની જોગવાઇ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવી વ્યક્તિઓની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે. |

**નોંધઃ-** (૧) ઉપર દર્શાવેલ તમામ સંવર્ગના ભરતી નિયમોમાં નિયત થયેલ શૈક્ષણિક લાયકાતના અગત્યના મુદ્દાઓનો અરજીપત્રકમાં સમાવેશ કરવામાં આવેલ છે. પરંતુ આખરી પસંદગી સમયે ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની તમામ જોગવાઇઓને ધ્યાને લેવામાં આવશે. ઉમેદવારે જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની તમામ વિગતો ધ્યાને લઇને જ અરજીપત્રકમાં વિગતો ભરવાની રહેશે.

(૨) દરેક સંવર્ગની ઉપલી વયમર્યાદા માટે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ તેમજ જે તે સંવર્ગના ભરતી નિયમોમાં દર્શાવેલ જોગવાઇ અને સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૯/૯/૨૦૧૨ અને તા. ૦૬/૧૦/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/ ૧૧૨૦૦૮/૨૮૨૩૨૩/ગ-૫ ની જોગવાઇઓ અને તે અન્વયે થયેલ સુધારાને સુધારાને તેમજ તા. ૧૪/૧૦/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/ ૧૧/૨૦૨૧/૪૫૦૯૦૦/ગ-૫ ની જોગવાઇઓ ધ્યાને લેવામાં આવેલ છે.

(૩) **દરેક સંવર્ગના ભરતી નિયમોમાં નિયત થયેલ શૈક્ષણિક લાયકાતના અર્થઘટન સંબંધે ભરતી પ્રક્રિયા દરમ્યાન કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે અંગે સંબંધિત વિભાગ/ ખાતાના વડાની કચેરીનો પરામર્શ કરીને યોગ્ય તે નિર્ણય લેવામાં આવશે.**



https://www.freshersnow.com/government-jobs-india/

## ૪ [૨]. વયમર્યાદામાં છૂટછાટ:-

સામાન્ય વર્ગની મહિલા ઉમેદવારો, અનામત વર્ગના પુરૂષ તથા મહિલા ઉમેદવારો તેમજ માજી સૈનિક, શારિરીક વિકલાંગ ઉમેદવારો અને સરકારી સેવામાં અગાઉથી ફરજ બજાવાતા હોય તેવા કર્મચારી ઉમેદવારોને નીચે મુજબ નિયમોનુસાર છૂટછાટ મળવાપાત્ર છે.

| કેટેગરી | છૂટછાટ | મહત્તમ વયમર્યાદા |
|---|---|---|
| સામાન્ય કેટેગરીના મહિલા ઉમેદવારોને | ૫ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષ ની મર્યાદામાં) |
| અનામત કેટેગરીના પુરૂષ ઉમેદવારોને | ૫ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષ ની મર્યાદામાં) |
| અનામત કેટેગરીના મહિલા ઉમેદવારોને (૫+૫=૧૦) | ૧૦ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષ ની મર્યાદામાં) |
| સામાન્ય કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા પુરૂષ ઉમેદવારોને | ૧૦ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષ ની મર્યાદામાં) |
| સામાન્ય કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા મહિલા ઉમેદવારોને (૧૦+૫=૧૫) | ૧૫ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષ ની મર્યાદામાં) |
| અનામત કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા પુરૂષ ઉમેદવારો (૫+૧૦=૧૫) | ૧૫ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષ ની મર્યાદામાં) |
| અનામત કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા મહિલા ઉમેદવારો (૫+૧૦+૫=૨૦) | ૨૦ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષ ની મર્યાદામાં) |
| માજી સૈનિક ઉમેદવારો | ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છુટછાટ મળશે. | |

(૧) જે સંવર્ગની જગ્યાઓમાં **S.E.B.C.** કેટેગરી (શા.શૈ.પ.વર્ગ) ના ઉમેદવારો માટે અનામત છે તેવા **S.E.B.C.** કેટેગરી (શા.શૈ.પ. વર્ગ) ના ઉમેદવારોએ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦૨૦ / ૨૦૨૦-૨૦૨૧ / ૨૦૨૧-૨૦૨૨ ની આવકના આધારે રાજય સરકારની નોકરી માટે ( પરિશિષ્ઠ-૪ મુજબ ગુજરાતી નમૂનામાં ) કઢાવેલ નોન-ક્રીમીલેયર સર્ટિફીકેટ **તા. ૦૧/૦૪/૨૦૨૦ થી તા. ૩૦/૦૬/૨૦૨૨** દરમ્યાન મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતાં હશે તો જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ તેમજ કેટેગરીની અનામત જગ્યાનો લાભ મળશે. અન્યથા તેઓ જનરલ-સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે. અને તે કિસ્સામાં વયમર્યાદા, પરીક્ષા ફી માંથી મુક્તિ તેમજ અનામત જગ્યા પર પસંદગીનો લાભ મળવાપાત્ર થશે નહી.

(૨) જે સંવર્ગની જગ્યાઓમાં **E.W.S.** કેટેગરી (આર્થિક રીતે નબળા વર્ગ) ના ઉમેદવારો માટે અનામત છે તેવા **E.W.S.** કેટેગરી (આર્થિક રીતે નબળા વર્ગ) ના ઉમેદવારોએ રાજય સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૫-૧-૨૦૧૯ ના ઠરાવ ક્રમાંકઃ- ઇ.ડબલ્યુ.એસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમુના (અંગ્રેજી)માં એનેક્ષર- **KH** અથવા ગુજરાતીમાં **પરિશિષ્ટ-ગ)** માં મેળવેલ આર્થિક રીતે નબળા વર્ગો માટેના પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે.



https://www.freshersnow.com/government-jobs-india/

**સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંકઃ-ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ, તા ૧૩-૯-૨૦૧૯ ની જોગવાઇ મુજબ આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટેના પાત્રતા પ્રમાણપત્રો ઇસ્યુ (issue) થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે.** આર્થિક રીતે નબળા વર્ગ તરીકેનું પાત્રતા પ્રમાણપત્ર **તા. ૩૦/૦૬/૨૦૨૨** સુધીમાં મેળવેલ હોવું જોઇશે અને ઇસ્યુ થયા તારીખથી **તા. ૩૦/૦૬/૨૦૨૨** ની સ્થિતિએ ત્રણ વર્ષ થયેલ ન હોય તેવું પ્રમાણપત્ર ધરાવતાં હશે તો જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ તેમજ કેટેગરીની અનામત જગ્યાનો લાભ મળશે. અન્યથા તેઓ જનરલ- સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે. અને તે કિસ્સામાં વયમર્યાદા, પરીક્ષા ફી માંથી મુક્તિ તેમજ અનામત જગ્યા પર પસંદગીનો લાભ મળવાપાત્ર થશે નહી.

(૩) **અનામત વર્ગના એસ. સી., એસ.ટી., એસ.ઇ.બી.સી. કેટેગરીના ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલ નમૂનામાં** મેળવેલ હોવું જોઇશે.

(૪) ઉમેદવાર, દિવ્યાંગતાની ૪૦% કે તેથી વધુ ટકાવારી ધરાવતાં હોવાનું સિવિલ સર્જનનું સર્ટીફીકેટ ધરાવતાં હશે, તો જ દિવ્યાંગ ઉમેદવાર તરીકે ઉપલી વયમર્યાદા અને અનામતનો લાભ મળશે. શારીરિક અશક્તતા અંગે સામાન્ય વહીવટ વિભાગના તા. ૧-૧૨-૨૦૦૮ ના પરીપત્ર ક્રમાંકઃ પરચ-૧૦૨૦૦૮–૪૬૯૫૪૦- ગ-૨ અને ત્યારબાદ સરકારશ્રીના વખતો વખતના સુધારા પરિપત્રથી નિયત થયેલ નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ/સિવિલ સર્જન/મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.

(૫) માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જલ, વાયુ અને સ્થળની આર્મી ફોર્સીસમાં ઓછામાં ઓછા છ માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનુ સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ અને ડિસ્ચાર્જ બુક ધરાવતાં હોય તો સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૨/૦૧/૨૦૧૮ ના જાહેરનામા ક્રમાંકઃ GS/2018-(2)-RES-1085/3433/G-2 ની જોગવાઇ મુજબ ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છુટછાટ મળશે. માજી સૈનિક તરીકેની ફરજ ચાલુ હોય તેવા ઉમેદવારો નિવૃત્તિનું એક વર્ષ બાકી હોય તો પણ તેઓ પોતાની ઉમેદવારી નોંધાવી શકશે.

(૬) માજી સૈનિક સિવાય તમામ કેટેગરીના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છૂટછાટ સાથેની ઉંમર નિયત તારીખે કોઈપણ સંજોગોમાં ૪૫ વર્ષ કરતાં વધવી જોઈએ નહીં.

## ૫. <u>કોમ્પ્યુટરની જાણકારી</u>

ઉમેદવાર રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૮/૨૦૦૮ તેમજ તા. ૧૮/૦૩/૨૦૧૬ ના સરકારી ઠરાવ નંબરઃ- સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫ થી નકકી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર / માર્કશીટ ધરાવતા હોવા જોઈશે. અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા


https://www.freshersnow.com/government-jobs-india/

સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમા / ડીગ્રી કે સર્ટીફિકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડીપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ- ૧૦ **અથવા** ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે. તેમજ આ તબકકે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ આવા ઉમેદવારોએ નિમણૂંક સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યુટરની બેઝીક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણૂંક મેળવતાં પહેલા અચુક રજુ કરવાનું રહેશે. અન્યથા નિમણૂંક મેળવવાને પાત્ર થશે નહીં. તેમજ નિમણૂંક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારોની પસંદગી **"રદ"** કરશે.

**૬. શૈક્ષણિક લાયકાત / વયમર્યાદા / વધારાની લાયકાત માટે નિર્ધારિત તારીખ :-**

જાહેરાતમાં દર્શાવેલ તમામ સંવર્ગના ઉમેદવારોનાં કિસ્સામાં શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, અનુભવ, નોન-ક્રીમીલેયર સર્ટી અને અન્ય જરૂરી લાયકાત માટે તા. **૩૦/૦૬/૨૦૨૨** ની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.

**૭. અરજી કરવાની રીત :-**

આ જાહેરાતના સંદર્ભમાં મંડળ ધ્વારા ઓન લાઈન અરજી જ સ્વીકારવામાં આવશે. જે અન્વયે ઉમેદવારોએ જાહેરાતમાં દર્શાવ્યા તા. **૧૬/૦૬/૨૦૨૨ (બપોરના ૧૪-૦૦ કલાક)** થી તા **૩૦/૦૬/૨૦૨૨** (સમય રાત્રીના ૨૩-૫૯ કલાક સુધી) દરમ્યાન **"https://ojas.gujarat.gov.in"** વેબસાઈટ પર ઓન-લાઈન અરજીપત્રક ભરી શકશે. ઉમેદવાર એક સંવર્ગ માટે એક જ અરજી કરી શકશે. તેમ છતાં કોઇ ઉમેદવાર એક કરતાં વધુ અરજી રજીસ્ટર્ડ કરશે તો તેવા ઉમેદવારોના કિસ્સામાં સૌથી છેલ્લે કન્ફર્મ થયેલી અરજી માન્ય ગણીને તે સિવાયની બાકીની તમામ અરજીઓ રદ થશે. આ બાબતની વિગતવાર સુચના અરજી કરવાની રીતના પેટા મુદ્દા નં. (૧૪) માં પણ આપેલ છે.

**<u>ઉમેદવારે અરજીપત્રક ભરવા માટે:-</u>**

(૧) સૌ પ્રથમ **"https://ojas.gujarat.gov.in"** વેબસાઈટ પર જવું. અને ત્યાર બાદ

(૨) "On line Application" માં Apply પર Click કરવું. અને GSSSB સિલેકટ કરવું.

(3) ઉમેદવારે જાહેરાત ક્રમાંક:- ૨૦૫/૨૦૨૨૨૩ થી ૨૧૧/૨૦૨૨૨૩ પૈકી જે સંવર્ગની જાહેરાત માટે ઉમેદવારી કરવા માંગતા હોય તે જાહેરાતના સંવર્ગના નામ પર **Click** કરી **Apply** પર ક્લિક કરવું. ત્યાર બાદ સ્ક્રીન પર **More Details** અને **Apply now** ના ઓપ્શન ખુલશે. જેમાં **More Details** પર Click કરવાથી વિગતવાર જાહેરાતની વિગતો જોવા મળશે. જે ઉમેદવારોએ વાંચી જવી.

(૪) જયારે **"Apply now"** પર Click કરવાથી નવી વિન્ડો ખુલશે. જેમાં **"Skip"** પર ક્લિક કરવાથી **Application Format** ખુલશે જેમાં સૌ પ્રથમ **"Personal Details"** ઉમેદવારે ભરવી. (અહીં લાલ કુંદડી ( ***** ) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.)



https://www.freshersnow.com/government-jobs-india/

(૫) Personal Details ભરાયા બાદ **"Educational Details"** ભરવા માટે "Educational Qualifications" પર Click કરવું.

(૬) તેની નીચે "Self declaration" પર Click કરવું. ત્યારબાદ

(૭) ઉપરની શરતો સ્વીકારવા માટે "Yes" પર Click કરવું. હવે અરજી પૂર્ણ રીતે ભરાઈ ગયેલ છે.

(૮) હવે "save" પર Click કરવાથી ઉમેદવારનો "Application Nnmber" generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.

(૯) હવે Upload Photograph પર Click કરો અહીં તમારો application number type કરો અને તમારી Birth date type કરો. ત્યારબાદ ok પર Click કરવું. અહીં photo અને signature upload કરવાના છે. (Photo નું માપ ૫ સે.મી. ઉંચાઈ અને ૩.૬ સે.મી. પહોળાઈ અને Signature નું માપ ૨.૫ સે.મી. ઉંચાઈ અને ૭.૫ સે.મી. પહોળાઈ રાખવી.) (photo અને signature upload કરવા સૌ પ્રથમ તમારો photo અને signature jpg format માં (15 kb) સાઈઝથી વધે નહિ તે રીતે સ્કેન કરી computer માં સેવ કરેલા હોવા જોઈશે.) photo અને signature અપલોડ કરવા માટે "browse" button પર Click કરો. હવે choose file ના સ્ક્રીનમાંથી જે ફાઈલમાં jpg format માં તમારો photo store થયેલ છે, તે ફાઈલને select કરો અને "open" button ને Click કરો. હવે "browse" button ની બાજુમાં "upload" button પર Click કરો. હવે બાજુમાં તમારો photo દેખાશે. હવે આજ રીતે signature પણ upload કરવાની રહેશે. જે photo અને signature અપલોડ કરવામાં આવ્યા હશે તે જ photo લેખિત પરીક્ષાના હાજરીપત્રકમાં ચોંટાડવાનો રહેશે તથા તેવી જ signature કરવાની રહેશે તેમજ આ ભરતી પ્રક્રિયાના નિમણૂંક સુધીના દરેક તબક્કે મંડળ/સંબંધિત ખાતાના વડા માંગે ત્યારે તેવો જ ફોટો રજુ કરવાનો રહેશે. આથી ફોટોગ્રાફની ચારથી પાંચ કોપીઓ કઢાવી રાખવી. જુદા જુદા તબક્કે જુદા જુદા ફોટોગ્રાફ રજુ થશે તો ફાળવણી/ નિમણૂંકમાં બાધ આવી શકશે. જેની જવાબદારી ઉમેદવારની પોતાની રહેશે.

(૧૦) હવે પેજના ઉપરના ભાગમાં "Confirm Application" પર Click કરો અને "Application number" તથા Birth Date type કર્યા બાદ Ok પર Click કરવાથી ત્રણ વિકલ્પ (ઓપ્શન) (૧) Ok (૨) show application preview અને (૩) confirm application દેખાશે. ઉમેદવારે show application preview પર Click કરી પોતાની અરજી જોઈ લેવી. અરજીમાં સુધારો કરવાની જરૂર જણાય તો edit કરી લેવું. અરજી કન્ફર્મ કર્યા પહેલા કોઈપણ પ્રકારનો સુધારો થઈ શકશે. પરંતુ અરજી કન્ફર્મ થયા બાદ કોઈપણ પ્રકારનો સુધારો શકય બનશે નહી. સંપૂર્ણ ચકાસણી બાદ જો અરજી સુધારવાની જરૂર ના જણાય તો જ confirm application પર Click કરવું. તેથી ઉમેદવારની અરજીનો મંડળમાં online સ્વીકાર થઈ જશે. એકવાર ઓનલાઇન અરજી કન્ફર્મ થયા બાદ, તેમાં કોઇપણ પ્રકારનો ફેરફાર ઉમેદવાર કે મંડળ દ્વારા થઇ શકશે નહીં. અરજીમાં દર્શાવેલી વિગતોને અનુરૂપ પ્રમાણપત્રો મંડળ માંગે ત્યારે ઉમેદવારે રજૂ કરવાના રહેશે. આથી, ઉમેદવારે પ્રથમ તેમની પાસેના પ્રમાણપત્રોને આધારે પોતાનું નામ, પતિ/પિતાનું નામ, અટક, જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, જાતિ (કેટેગરી), જેન્ડર (મેલ/ફીમેલ), માજી સૈનિક, સ્પોર્ટસ, શા.ખો.ખાં., વિધવા વગેરે બાબતોની બારીક ચકાસણી કરી લઇને તેને અનુરૂપ



https://www.freshersnow.com/government-jobs-india/

વિગતો ઓનલાઇન અરજીમાં દર્શાવવાની રહેશે. મંડળ દ્વારા ચકાસણી સારુ પ્રમાણપત્રો માંગવામાં આવે ત્યારે ઓનલાઇન અરજીપત્રકમાં દર્શાવેલ વિગતો અને ઉમેદવાર દ્વારા મંડળ સમક્ષ રજૂ કરવામાં આવતાં પ્રમાણપત્રોમાં કોઇપણ જાતની વિસંગતતા માલૂમ પડશે તો, તેવી ક્ષતિયુક્ત અરજીઓ મંડળ દ્વારા જે તે તબક્કેથી 'રદ' કરવામાં આવશે. ખોટી કે અધૂરી વિગતોને કારણે ક્ષતિયુક્ત અરજી રદ કરવામાં આવે તો, તેમાં મંડળની કોઇ જવાબદારી રહેશે નહીં. આથી, ઉમેદવારોને તેમની પાસેના પ્રમાણપત્રોને આધારે અને તેને અનુરૂપ વિગતો ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાની ખાસ કાળજી રાખવા જણાવવામાં આવે છે. confirm application પર click કરતાં અહીં **"confirmation number"** generate થશે. જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે.

**(૧૧)** હવે print application પર Click કરવું. અહીં **Select Job** માંથી જાહેરાત ક્રમાંક સિલેકટ કરીને તમારો confirmation number ટાઈપ કરવો અને જન્મતારીખ ટાઇપ કરવાથી તમારી અરજી ઓપન થશે. જેની પ્રિન્ટની નકલ કાઢી સાચવી રાખવી

**(૧૨)** દરેક જાહેરાત માટે ઉમેદવારે એક જ અરજી કરવી. આમ છતાં, સંજોગવશાત, જો કોઇ ઉમેદવાર એકથી વધુ અરજી કરેલ હશે, તો છેલ્લી કન્ફર્મ થયેલ અરજીને માન્ય રાખીને અન્ય અરજીપત્રકને રદ ગણવામાં આવશે. બિન અનામત વર્ગના ઉમેદવારોએ છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ હશે તે માન્ય ગણાશે અને અગાઉની અરજી રદ ગણવામાં આવશે. અગાઉની અરજી સાથે ભરેલી ફી છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સામે ગણવામાં આવશે નહીં. જો ઉમેદવારે છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ નહીં હોય, તો આવા ઉમેદવારની બાકીની અરજીઓ પૈકી નિયત ફી સાથેની કન્ફર્મ થયેલી છેલ્લી અરજી માન્ય ગણવામાં આવશે. જો ઉમેદવારે એકથી વધુ અરજી સાથે ફી ભરેલ હશે, તો તે રીફંડ કરવામાં આવશે નહીં.

**નોંધ:-** જાહેરાત ક્રમાંકઃ **૨૦૫/૨૦૨૨૨૩ થી ૨૧૧/૨૦૨૨૨૩** સામેના સંવર્ગના ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા તેમજ ઓનલાઈન અરજી ભરવા સંબંધિત કોઈ માર્ગદર્શનની આવશ્યકતા જણાય તો તે માટે મંડળની કચેરીના ફોન નંબર:-**૦૭૯-૨૩૨૫૩૬૨૮** પર સંપર્ક કરી શકાશે.

## ૮. પરીક્ષા ફી:-

- ફોર્મ ભરતી વખતે " General " કેટેગરી Select કરી હોય (દર્શાવી હોય) તેવા (PH તથા Ex.Servicemen કેટેગરી સિવાયના) તમામ ઉમેદવારોએ પરીક્ષા ફી ભરવાની રહેશે.
- અનામત કક્ષાના ઉમેદવાર જો બિન-અનામત જગ્યા માટે અરજી કરે તો પણ તેમણે પરીક્ષાફી ભરવાની રહેશે નહીં. પરંતુ પરીક્ષા ફી માંથી મુક્તિ માટે જે તે અનામત વર્ગના ઉમેદવારોએ ઓન-લાઇન એપ્લીકેશનમાં પોતાની કેટેગરી દર્શાવવાની રહેશે. અન્યથા પરીક્ષા ફી ભરવાની રહેશે. અરજી ફોર્મમાં નીચે મુજબની કેટેગરી Select કરનાર ઉમેદવારોએ કોઇપણ પ્રકારની પરીક્ષા ફી ભરવાની રહેશે નહીં.

    (ક) અનુસૂચિત જાતિ (SC)

    (ખ) અનુસૂચિત જન જાતિ (ST)



https://www.freshersnow.com/government-jobs-india/

(ગ) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ (SEBC)

(ઘ) આર્થિક રીતે નબળા વર્ગ (EWS)

(ચ) માજી સૈનિક (Ex.Serviceman) તમામ કેટેગરીના

(છ) શારિરીક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારો (PH) તમામ કેટેગરીનાં

- જે ઉમેદવારોએ ફી ભરવાની છે તેવા ઉમેદવારો જ્યારે **OJAS** વેબસાઇટ પર પોતાની અરજી સબમીટ કરે ત્યારે તેઓને પરીક્ષા ફી ભરવા માટે ઓન લાઇન ઉપલબ્ધ ચલનની ૩ નકલોની એક પાના ઉપર પ્રિન્ટ મેળવવાની સુચના મળશે. ઉમેદવારોએ આ પાનાની પણ પ્રિન્ટ મેળવી લેવાની રહેશે, ઉમેદવારોએ ચલન સાથે કોઇપણ કોમ્પ્યુટરાઇઝડ પોસ્ટ ઓફીસમાં જઇને, **પરીક્ષા ફી પેટે રૂ. ૧૦૦/- રોકડા + રૂ. ૧૨/- પોસ્ટલ ચાર્જીસ** ભરી દેવાના રહેશે. ચલનની એક નકલ પોસ્ટ ઓફીસ રાખી લેશે અને બે નકલ ઉમેદવારને પોસ્ટ ઓફિસનો સિક્કો અને સ્ટીકર લગાવીને પરત આપશે.
- પોસ્ટ ઓફીસમાં પરીક્ષા ફી ભરવાની છેલ્લી તા. ૦૫/૦૭/૨૦૨૨ (કચેરી સમય સુધી) ની રહેશે. અને ત્યાર બાદ કોઇ પણ સંજોગોમાં અન્ય કોઇ પણ રીતે (લેઇટ ફી લઇને પણ) પરીક્ષા ફી સ્વીકારવામાં આવશે નહીં
- પરીક્ષા ફી ભર્યા બાદરીફંડ મળવાપાત્ર નથી તેમજ તે ફી અન્ય કોઇ પરીક્ષા માટે અનામત તરીકે રાખવામાં આવશે નહીં. પરીક્ષા ફી ભરવાપાત્ર ઉમેદવારોની ફી ભર્યા વગરની અરજી માન્ય રહેશે નહીં.
- " General" કેટેગરી Select કરનાર (શારીરિક ખોડખાંપણ તથા માજી સૈનિક કેટેગરી સિવાયના) ઉમેદવારો ફી ભરવાની નિયત સમયમર્યાદામાં પરીક્ષા ફી નહીં ભરે તો તેવા ઉમેદવારોનું અરજી ફોર્મ કોઇપણ જાતની જાણ કર્યા વગર મંડળ દ્વારા "**રદ**" કરવામાં આવશે.

## ૯. પરીક્ષા પદ્ધતિ:-

મંડળ દ્વારા નિયત સમયમર્યાદામાં ઓન-લાઇન મળેલ અરજીઓની પ્રાથમિક ચકાસણી ( એક કરતાં વધુ અરજી કરેલ છે કે કેમ ? અને પરીક્ષા ફી ભરેલ છે કે કેમ ?) કરીને લાયક ઉમેદવારોની રાજય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના વિભાગના તા. /૦૮/૨૦૧૫ પત્ર ક્રમાંકઃ ભરત/૧૦૨૦૧૫/૬૫૫/ક અને તા. ૨૯/૦૯/૨૦૧૫ ના પત્ર ક્રમાંકઃ ભરત/૧૦૨૦૧૪/ ૬૩૮૯૩૭/ક તેમજ તા- ૧૭/૦૫/૨૦૧૬ ના પત્ર ક્રમાંક-ભરત/૧૦૨૦૧૪/૬૩૮૯૩૭/ક. થી મંજૂર કરવામાં આવેલ પરીક્ષા પદ્ધતિ અનુસાર (૧) પ્રથમ તબક્કામાં MCQ-OMR / MCQ- ઓન-લાઇન પદ્ધતિની **સ્પર્ધાત્મક લેખિત કસોટી** અને (૨) બીજા તબક્કામાં **કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ** - એમ બે કસોટીઓ લેવામાં આવશે. જેની વિગતો નીચે મુજબની રહેશે.

## (૧) સ્પર્ધાત્મક લેખિત કસોટી (પ્રથમ તબક્કાની પરીક્ષા)

સ્પર્ધાત્મક લેખિત કસોટીનો અભ્યાસક્રમ- ગુણભાર નીચે મુજબનો રહેશે.

**(અ)** તાંત્રિક સંવર્ગોનાં ભરતી નિયમોમાં જ્યાં આઇ.ટી.આઇ. અથવા ડિપ્લોમાંની લઘુતમ શૈક્ષણિક લાયકાત નિયત કરવામાં આવેલ હોય તેવા સંવર્ગોનો અભ્યાસક્રમ અને પરીક્ષા પદ્ધતિ નીચે મુજબ રહેશે.



https://www.freshersnow.com/government-jobs-india/

**(જાહેરાત ક્રમાંક - ૨૦૭/૨૦૨૨૨૩, ૨૦૮/૨૦૨૨૨૩, ૨૦૯/૨૦૨૨૨૩ માટે )**

| ક્રમ | વિષય | ગુણ | સમયગાળો |
|---|---|---|---|
| ૧ | સામાન્ય જ્ઞાન- ગુજરાતનો ઇતિહાસ, ભૂગોળ અને સંસ્કૃતિ, ભારતનું બંધારણ, રમતગમત, સામાન્ય વિજ્ઞાન, વર્તમાન પ્રવાહો, કોમ્પ્યુટરને લગતું સામાન્ય જ્ઞાન, ટેસ્ટ ઓફ રીઝનીંગ, પર્યાવરણ, જાહેર વહીવટ, સરકારી યોજનાઓ, પંચાયતી રાજ અને ડીઝાસ્ટર મેનેજમેન્ટ, ગાણિતિક કસોટીઓ વિગેરે | ૨૦ | ૯૦ મીનીટ |
| ૨ | ગુજરાતી સાહિત્ય, ગુજરાતી વ્યાકરણ | ૧૫ | |
| ૩ | અંગ્રેજી વ્યાકરણ | ૦૫ | |
| ૪ | જગ્યાની તાંત્રિક શૈક્ષણિક લાયકાતને (લઘુત્તમ) સંબંધિત વિષયનું પેપર | ૬૦ | |
| | **કુલ ગુણ** | **૧૦૦** | |

**નોંધઃ** (૧) પ્રશ્નપત્રમાં કેટલાક પ્રશ્નો ગુજરાતીમાં રહેશે અને કેટલાક પ્રશ્નો અંગ્રેજીમાં રહેશે.

(૨) ક્રમ- ૧ થી ૩ માટે અભ્યાસક્રમનું વિષયવસ્તુ ધોરણ-૧૦ (S.S.C.) ની સમકક્ષ રહેશે. ક્રમ- ૪ માટે અભ્યાસક્રમનું વિષયવસ્તુ સંબંધિત સંવર્ગના ભરતી નિયમોમાં જે લઘુત્તમ શૈક્ષણિક લાયકાત નિયત કરવામાં આવેલ છે તેની સમકક્ષ રહેશે.

(બ) તાંત્રિક સંવર્ગોનાં ભરતી નિયમોમાં જ્યાં સ્નાતક કે તેથી વધુ શૈક્ષણિક લાયકાત નિયત કરવામાં આવેલ હોય તેવા સંવર્ગોનો અભ્યાસક્રમ અને પરીક્ષા પદ્ધતિ નીચે મુજબ રહેશે.

**(જાહેરાત ક્રમાંક- ૨૦૫/૨૦૨૨૨૩, ૨૦૬/૨૦૨૨૨૩, ૨૧૦/૨૦૨૨૨૩ અને ૨૧૧/૨૦૨૨૨૩ માટે )**

| ક્રમ | વિષય | ગુણ | સમયગાળો |
|---|---|---|---|
| ૧ | સામાન્ય જ્ઞાન- ગુજરાતનો ઇતિહાસ, ભૂગોળ અને સંસ્કૃતિ, ભારતનું બંધારણ, રમતગમત, સામાન્ય વિજ્ઞાન, વર્તમાન પ્રવાહો, કોમ્પ્યુટરને લગતું સામાન્ય જ્ઞાન, ટેસ્ટ ઓફ રીઝનીંગ, પર્યાવરણ, જાહેર વહીવટ, સરકારી યોજનાઓ, પંચાયતી રાજ અને ડીઝાસ્ટર મેનેજમેન્ટ, ગાણિતિક કસોટીઓ વિગેરે | ૩૦ | **૧૨૦ મીનીટ** |
| ૨ | ગુજરાતી સાહિત્ય, ગુજરાતી વ્યાકરણ | ૨૦ | |
| ૩ | અંગ્રેજી વ્યાકરણ | ૧૦ | |
| ૪ | જગ્યાની તાંત્રિક શૈક્ષણિક લાયકાતને (લઘુત્તમ) સંબંધિત વિષયનું પેપર | ૯૦ | |
| | **કુલ ગુણ** | **૧૫૦** | |

**નોંધઃ** (૧) પ્રશ્નપત્રમાં કેટલાક પ્રશ્નો ગુજરાતીમાં રહેશે અને કેટલાક પ્રશ્નો અંગ્રેજીમાં રહેશે.

(૨) ક્રમ- ૧ થી ૩ માટે અભ્યાસક્રમનું વિષયવસ્તુ ધોરણ-૧૨ (**H.S.C.**) ની સમકક્ષ રહેશે. ક્રમ- ૪ માટે અભ્યાસક્રમનું વિષયવસ્તુ સંબંધિત સંવર્ગના ભરતી નિયમોમાં જે લઘુત્તમ શૈક્ષણિક લાયકાત નિયત કરવામાં આવેલ છે તેની સમકક્ષ રહેશે.



https://www.freshersnow.com/government-jobs-india/

(ક) **જે તે સંવર્ગની જાહેરાત અન્વયે ઉમેદવારો તરફથી ઓન-લાઇન રજીસ્ટર્ડ (કન્ફર્મ) થયેલ અરજીપત્રકોની સંખ્યાને ધ્યાને લઇ મંડળ ધ્વારા તે સંવર્ગની MCQ -OMR પધ્ધતિથી સ્પર્ધાત્મક લેખિત કસોટી લેવી કે MCQ પધ્ધતિથી ઓન-લાઇન સ્પર્ધાત્મક લેખિત કસોટી લેવી તે નકકી કરવામાં આવશે.**

(ડ) **જા.ક્ર. ૨૦૫/૨૦૨૨૨૩ થી જા.ક્ર. ૨૧૧/૨૦૨૨૨૩** માટે પ્રથમ તબક્કાની સ્પર્ધાત્મક લેખિત કસોટીને અંતે બીજા તબક્કાની કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ માટે ઉમેદવારોને કવોલીફાય થયેલ ગણવા માટેના લઘુત્તમ લાયકી ગુણનું ધોરણ સરકારશ્રીની સ્થાયી સૂચનાઓ અનુસાર મંડળ દ્વારા જે તે સમયે નિયત કરવામાં આવશે. પરંતુ તેમાં કોઇપણ કેટેગરીના ઉમેદવારો માટે **૪૦ ટકા માર્કસ** કરતાં ઓછું લઘુત્તમ લાયકી ગુણનું ધોરણ કોઇપણ સંજોગોમાં નક્કી કરી શકાશે નહીં. અને આમ, મંડળ દ્વારા નિયત કરવામાં આવેલ લઘુત્તમ લાયકી ગુણની વિગતો અને ભરવાની થતી કેટેગરી વાઇઝ જગ્યાની સંખ્યાને ધ્યાને લઇ કેટેગરી વાઇઝ ભરવાની થતી જગ્યાના ત્રણ ગણા ઉમેદવારોને બીજા તબક્કાની કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ માટે મંડળ દ્વારા લાયક (કવોલીફાય કરવા) ગણવામાં આવશે. અને તેવી રીતે લાયક ઠરેલ (કવોલીફાય થયેલ) ઉમેદવારોને જ બીજા તબક્કાની કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ આપવાની રહેશે.

## (૨) કોમ્પ્યુટર પ્રફિસીયન્સી ટેસ્ટ- (બીજા તબક્કાની પરીક્ષા)

પ્રથમ તબક્કાની સ્પર્ધાતમક લેખિત પરીક્ષાના પરિણામને અંતે બીજા તબક્કાની કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ માટે કવોલીફાય થયેલ ઉમેદવારોની કોમ્પ્યુટર પ્રફિસીયન્સી ટેસ્ટ લેવામાં આવશે. જેની વિગતો. નીચે મુજબની રહેશે.

(A) જે સંવર્ગના ભરતી નિયમોમાં ઉમેદવારો માટેની લઘુતમ શૈક્ષણિક લાયકાત ધોરણ-૧૦, અથવા ધોરણ-૧૨ પાસ અથવા તેની સમકક્ષ અથવા આઇ. ટી. આઇ. અથવા ડિપ્લોમાની નિયત કરવામાં આવેલ હોય તેવા સંવર્ગના ઉમેદવારો માટેની કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી પરીક્ષાનો અભ્યાસક્રમ

**(જાહેરાત ક્રમાંક - ૨૦૭/૨૦૨૨૨૩, ૨૦૮/૨૦૨૨૨૩ અને ૨૦૯/૨૦૨૨૨૩ માટે )**

| **સમય - ૧-00 કલાક** | | |
|---|---|---|
| પ્રશ્ન ક્રમાંક | વિષયનું વિવરણ | ગુણ |
| ૧ | એકસેલ સ્પ્રેડશીટ | ૧૦ ગુણ |
| ૨ | ઈ-મેઇલ કરવા (વીથ ફાઇલ એટેચમેન્ટ) | ૧૦ ગુણ |
| ૩ | પાવર પોઇન્ટ | ૧૦ ગુણ |
| ૪ | વર્ડ ટાઇપીંગ/ વર્ડ ફોર્મેટીંગ (અંગ્રેજી તથા ગુજરાતી) | ૨૦ ગુણ |
| | **કુલ ગુણ** | **૫૦ ગુણ** |

**(B)** જે સંવર્ગના ભરતી નિયમોમાં ઉમેદવારો માટેની શૈક્ષણિક લાયકાત સ્નાતક કે તેથી વધું નિયત કરવામાં આવેલ હોય તેવા સંવર્ગના ઉમેદવારો માટેની કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી પરીક્ષાનો અભ્યાસક્રમ



https://www.freshersnow.com/government-jobs-india/

(જાહેરાત ક્રમાંક - ૨૦૫/૨૦૨૨૨૩, ૨૦૬/૨૦૨૨૨૩, ૨૧૦/૨૦૨૨૨૩ અને ૨૧૧/૨૦૨૨૨૩ માટે )

| સમય - ૧-૧૫ કલાક | | |
|---|---|---|
| પ્રશ્ન ક્રમાંક | વિષયનું વિવરણ | ગુણ |
| ૧ | એકસેલ સ્પ્રેડશીટ | ૧૫ ગુણ |
| ૨ | ઈ-મેઇલ કરવા (વીથ ફાઇલ એટેચમેન્ટ) | ૧૫ ગુણ |
| ૩ | પાવર પોઇન્ટ | ૧૫ ગુણ |
| ૪ | વર્ડ ટાઇપીંગ/ વર્ડ ફોર્મેટીંગ (અંગ્રેજી તથા ગુજરાતી) | ૩૦ ગુણ |
| | **કુલ ગુણ** | **૭૫ ગુણ** |

## (૩) પસંદગી/ પ્રતિક્ષા યાદી તૈયાર કરવાની પધ્ધતિ:- (જાહેરાત ક્રમાંક-૨૦૫/૨૦૨૨૨૩ થી ૨૧૧/૨૦૨૨૨૩ માટે )

(૧) ઉમેદવારોએ ઉકત પ્રથમ તબક્કાની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા અને બીજા તબક્કાની કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ -એમ બંને કસોટીમાં મેળવેલ ગુણના મેરીટસ આધારે કેટેગરીવાઇઝ ભરવાની થતી જગ્યાની વિગતો ધ્યાને લઇ પસંદગી/પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.

**૧૦. સામાન્ય શરતો:-**

(૧) જાહેરાતમાં જે કેટેગરીના ઉમેદવારો માટે જગ્યાઓ અનામત છે તેવી કેટેગરીના ઉમેદવારને જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે. બધી જ મળવાપાત્ર છુટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષથી વધે નહીં તે રીતે જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળશે.

(૨) અનામત વર્ગના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વયમર્યાદામાં છુટછાટ મળશે નહિ. પરંતુ પરીક્ષા ફી માંથી મુક્તિ માટે જે તે અનામત વર્ગના ઉમેદવારોએ પોતાની જાતિ- વર્ગ દર્શાવવાનો રહેશે. અન્યથા પરીક્ષા ફી ભરવાની રહેશે.

(૩) બિનઅનામત તથા અનામત વર્ગોના મહિલા ઉમેદવારોને પણ બધી જ મળવાપાત્ર છુટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે.

(૪) (૧) અનામત વર્ગના ઉમેદવારોએ **જાતિ અંગેનું સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલ નમૂનામાં** મેળવેલ હોવું જોઇશે. (૨) સા. અને શૈ.પ.વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૭/૦૪/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક-સસપ/૧૧૦૯/૧૬૬૩/અ થી નિયત થયેલ પરિશિષ્ટ-૪ (ગુજરાતી) ના નમુનામાં તેમજ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૧૨/૦૬/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક- સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ ની જોગવાઇ અનુસાર **તા. ૦૧/૦૪/૨૦૨૦ થી અરજી કરવાની છેલ્લી તા. ૩૦/૦૬/૨૦૨૨** (તા. ૩૧/૩/૨૦૨૦, તા. ૩૧/૩/૨૦૨૧ / ૩૧/૦૩/૨૦૨૨ ના રોજ પુરા થયેલ નાણાંકિય વર્ષ ૨૦૧૯-૨૦૨૦



https://www.freshersnow.com/government-jobs-india/

/ ૨૦૨૦-૨૦૨૧ / **૨૦૨૧-૨૦૨૨ માટેનું )** દરમ્યાન મેળવેલ અસલ પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાનાં રહેશે. સક્ષમ અધિકારી ધ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજુ ન કરી શકનાર ઉમેદવારો સામાન્ય ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી **રદ** થશે. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ રાજય સરકારની નોકરી માટે માન્ય કરાયેલ પરિશિષ્ટ-૪ ના નિયત નમુનામાં (ગુજરાતી) નોન ક્રિમિલીયર સર્ટી અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરવાનુ રહેશે.

(3) **આર્થિક રીતે નબળા વર્ગ (EWS)ના** ઉમેદવારોએ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક- ઈ.ડબલ્યુ.એસ./ ૧૨૨૦૧૯/ ૪૫૯૦૩/અ ની જોગવાઈ મુજબ થી નિયત થયેલ નમુના Annexure - KH (અંગ્રેજી) અથવા પરિશિષ્ટ- ગ (ગુજરાતી) નમૂનામાં **તા. ૩૦/૦૬/૨૦૨૨** સુધીમાં મેળવેલ હોવું જોઇશે અને **સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંકઃ-ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/ ૪૫૯૦૩/અ, તા ૧૩-૯-૨૦૧૯ ની જોગવાઇ મુજબ** ઇસ્યુ થયા તારીખથી અરજી કરવાની છેલ્લી **તા. ૩૦/૦૬/૨૦૨૨** ની સ્થિતિએ ત્રણ વર્ષ થયેલ ન હોય તેવા અસલ પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાનાં રહેશે.

સક્ષમ અધિકારી ધ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજુ ન કરી શકનાર ઉમેદવારો સામાન્ય ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી **રદ** થશે. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ રાજય સરકારની નોકરી માટે માન્ય કરાયેલ પરિશિષ્ટ-૪ ના નિયત નમુનામાં (ગુજરાતી) **નોન ક્રિમિલીયર સર્ટી** અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરવાનુ રહેશે. **આર્થિક રીતે નબળા વર્ગ (EWS)ના** ઉમેદવારોએ રાજય સરકારની નોકરી માટે માન્ય કરાયેલ Annexure - KH (અંગ્રેજી) અથવા પરિશિષ્ટ-ગ ના નિયત નમુનામાં (ગુજરાતી) **આર્થિક રીતે નબળા વર્ગનું પાત્રતા પ્રમાણપત્ર** અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરવાનુ રહેશે. (૪) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવારે આવુ નોન ક્રીમીલેયર પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવુ પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેની અરજી રદ કરવામાં આવશે. (૫) જો સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારે આવું પ્રમાણપત્ર મંડળ ધ્વારા અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરેલ નહિ હોય તો તેમજ તેઓ બિન અનામત ઉમેદવાર તરીકેની વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની અરજી વિચારણામાં લેવામાં આવશે નહિ. (૬) પરીક્ષા ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી તેમજ તે ફી અન્ય કોઇ પરીક્ષા માટે અનામત તરીકે રાખવામાં આવશે નહીં. તથા અરજી કર્યા બાદ પરત ખેંચી શકાશે નહિ. (૭) બિનઅનામત વર્ગના ઉમેદવારોએ નિયત પરીક્ષા ફી ભરેલ નહીં હોય તો તેઓની અરજી વિચારણામાં લેવામાં આવશે નહીં. (૮) આગળની ભરતી પ્રક્રિયા સંદર્ભે મંડળ દ્વારા આપવામાં આવતી જરૂરી સુચનાઓ જોવા માટે મંડળની વેબસાઈટ અવાર નવાર જોતા રહેવું. (૯) એથલેટિકસ (ટ્રેક અને



https://www.freshersnow.com/government-jobs-india/

ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફુટબોલ, હોકી, સ્વિમીંગ, ટેબલ ટેનિસ, વોલીબોલ, ટેનિસ, વેઈટલિફટીંગ, રેસલિંગ, બોકસિંગ, સાઈકલિંગ, જીમનેસ્ટિકસ, જુડો, રાઈફલ શૂટિંગ, કબડ્ડી, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકાસ્પર્ધા, શતરંજ, હેન્ડબોલ ની રમતો-ખેલકુદમાં **(1) રાષ્ટ્રીય / આંતરરાષ્ટ્રીય અથવા (2) આંતર યુનિવર્સિટી અથવા (3) અખિલ ભારત શાળા સંઘ ધ્વારા યોજાતી સ્પર્ધાઓમાં** માત્ર પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા માટે તેમને મેળવેલ કુલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. તેથી ઉકત ત્રણ સ્તરની સ્પર્ધાઓમાં ઉમેદવારોએ ભાગ લીધેલ હોય તેવા જ ઉમેદવારોએ અરજીપત્રકમાં જરૂરી વિગતો દર્શાવવાની રહેશે. **ઉકત ત્રણ સ્તર સિવાયની સ્પર્ધાઓમાં ભાગ લીધેલ હોય તો તેને અગ્રીમતા માટે માન્ય ગણવાની રહેતી ન હોવાથી તેવા ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો દર્શાવવાની રહેશે નહીં.** ઉકત ત્રણ સ્તરની સ્પર્ધાઓમાં ભાગ લીધેલ ઉમેદવારોએ સરકારે તા.૨૫/૨/૧૯૮૦ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૭૭/ ૨૬૬૦/ગ.૨ તથા તા. ૧/૮/૧૯૯૦ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૧૮૮/ ૩૬૪૪/ગ.૨ માં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમૂનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવાર જ રમતના ગુણ મેળવવા માટે હક્કદાર થશે. **(૧૦)** સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૨/૦૫/૧૯૯૭ ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૯૬/ ૨૨૧૩/ગ.૨ માં નિર્દેશિત પ્રવર્તમાન નિયમો અનુસાર **વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે તેઓને સ્પર્ધાત્મક લેખિત કસોટીમાં મેળવેલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે.** પરંતુ તેઓએ નિમણૂંક સમયે પુનઃ લગ્ન કરેલા ન હોવા જોઇએ. અને તે અંગે મંડળ માંગે ત્યારે તમામ પુરાવા અસલમાં રજુ કરવાના રહેશે. (૧૧) મંડળ તરફથી આપવામાં આવતી જરૂરી સુચનાઓ જોવા માટે મંડળની વેબસાઈટ અવાર નવાર જોતા રહેવું.

## ૧૧. સામાન્ય સુચનાઓ:-

(૧). ઉમેદવારે અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજુ કરવાના રહેશે. અન્યથા અરજીપત્રક જે - તે તબકકે "રદ" ગણવામાં આવશે.

**(૨). ઉમેદવાર અરજીપત્રકમાં જે ફોટો upload કરે છે, તેની પાસપોર્ટ સાઈઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને આ જાહેરાત-સંવર્ગની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તે જ ફોટાની કોપીનો ઉપયોગ કરવાનો રહેશે. (જેમ કે પરીક્ષા સમયે હાજરીપત્રકમાં લગાવવો તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તે જ ફોટાની કોપી રજુ કરવાની રહેશે.)**

**(3). ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર દર્શાવે છે તે નંબર ચાલુ જ રાખવો. ભવિષ્યમાં મંડળ તરફથી આ પરિક્ષાને સબંધિત પરીક્ષાલક્ષી કેટલીક**



https://www.freshersnow.com/government-jobs-india/

**સુચનાઓ ઉમેદવારને આ દર્શાવેલ નંબરના મોબાઈલ પર SMS થી મોકલવામાં આવશે તેથી અરજીપત્રકમાં દર્શાવેલ મોબાઈલ નંબર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી જાળવી રાખવો આપના હિતમાં છે.**

(૪) મંડળ જે કોઈ ઉમેદવારને **(૧)** તેને ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે, મંડળના અધ્યક્ષ, સભ્ય અથવા કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે **(૨)** બીજાનું નામ ધારણ કરવા માટે **(૩)** બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે **(૪)** બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે **(૫)** યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે **(૬)** પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે **(૭)** પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈપણ છાપેલા કે હસ્તલેખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત ધ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈપણ ગેરરીતિ આચરવા માટે

**(૮)** લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે **(૯)** પરીક્ષાખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણૂંક કરવા માટે **(૧૦)** પરીક્ષાના સંચાલન કરવા માટે મંડળે રોકેલા સ્ટાફની સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે **(૧૧)** પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલ તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથા પ્રસંગ મદદગીરી કરવા માટે અથવા **(૧૨)** પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈપણ સુચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષતિ હોવાનું જાહેર કર્યુ હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત-**(ક)** મંડળ, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે, અથવા **(ખ)(૧)** મંડળ, સીધી પસંદગી માટે લેવાતી કોઈપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા **(૨)** રાજય સરકાર પોતાના હેઠળની કોઈપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદત માટે બાકાત કરી શકશે. **(૧૩)** ગુજરાત જાહેર સેવા આયોગ, અનય ભરતી બોર્ડ, અન્ય સરકારી/ અર્ધ સરકારી/ સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર કયારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય અને ગેરલાયક ઠરાવ્યાનો સમય ચાલુ હશે તો તેવા ઉમેદવારોની અરજી આપોઆપ રદ થવાને પાત્ર બનશે.

(૫) ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલી કોઈપણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વિગેરેને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબકકે ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડશે તો તેની સામે યોગ્ય



https://www.freshersnow.com/government-jobs-india/

કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી મંડળ ધ્વારા “**રદ**“ કરી શકાશે. તેમજ અન્ય સંવર્ગોની ભરતી માટે પણ ગેરલાયક ઠરાવવામાં આવશે. તેમજ જો પસંદગી / નિમણૂંક થયેલ હશે તો પસંદગી/નિમણૂંક, મંડળ/ નિમણૂંક કરનાર સત્તાધિકારી દ્વારા કોઈપણ તબકકે “**રદ**“ કરવામાં આવશે.

**(૬)** મંડળ ધ્વારા લેવાનાર સ્પર્ધાત્મક લેખિત કસોટી કે ટાઇપીંગ કસોટીમાં ઉત્તીર્ણ થવાથી જ ઉમેદવારને નિમણૂંક માટેનો હક્ક મળી જતો નથી. નિમણૂંક સમયે સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય તો જ ઉમેદવારને નિમણૂંક આપવામાં આવશે.

**(૭)** પસંદગી પામેલ ઉમેદવારે નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂંક મેળવવાને પાત્ર થશે.

**(૮)** ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણે જ સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક કરવાનો દાવો કરવાને હક્કદાર થશે નહીં, નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારૂ ઉમેદવાર યોગ્ય જણાતો નથી તો તેને પડતો મુકી શકાશે. નિમણૂંક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.

**(૯)** ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ (વખતો વખતના સુધારા સહિત) અને તે અન્વયે જે તે સંવર્ગના ઘડવામાં આવેલ ભરતી નિયમોને આધિન રહેશે.

**૧૨.** આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો મંડળને સંપૂર્ણ હક્ક / અધિકાર રહેશે અને મંડળ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

**તારીખ:- ૧૬/૦૬/૨૦૨૨**
**સ્થળ:- ગાંધીનગર**

**સચિવ**
**ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,**
**ગાંધીનગર**